सत्यमेव जयते

ફાઇલ તારીખ:– ૨૪/૦૫/૨૦૨૧

દાખલ તારીખ:– ૨૪/૦૫/૨૦૨૧

ફેંસલ તારીખ:– ૦૧/૦૭/૨૦૨૬

અવધિ:– વર્ષ માસ દિવસ

૦૫ ૦૧ ૦૭

**સ્પે. પોક્સો જજ અને ત્રીજા એડી. સેસન્સ જજની કોર્ટ સમક્ષ, મુ.ભરૂચ.**

**ફોર્મ –એ**

**પોક્સો કેસનં. નં.૫૦/૨૦૨૧**

**આંક–૧૩૦**

**એફ.આઇ.આરની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન**

**નબીપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૩૮૨૧૦૧૬૬/૨૦૨૧**

**ગુનો:–** ઇ.પી.કો. કલમ–354 A (1) (i) ના ભંગ બદલ 354 A (2) 506(2), 363 અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–11(4) ના ભંગ બદલ કલમ–12 મુજબ.

| | |
|---|---|
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદ/સરકારશ્રી તરફે | વિ.એ.પી.પી.સુ.શ્રી જી.વી.વ્યાસ |
| આરોપી | અજયભાઇ ઉર્ફે વિક્રમ રાજુભાઇ વાઘરી<br>ઉ.વ. ૨૫ વર્ષ, ધંધો. વેપાર<br>હાલ રહે. એસ.ટી.ડેપોની બાજુમાં<br>ઇન્દીરા નગર, ઝુપડપટ્ટી, ભરૂચ.<br>મુળ રહે. નવા પુરા એસ.એસ.સી.<br>બોર્ડની સામે વાઘરીવાડ મોહલ્લો લત્તા<br>નં. ૧,૨ વડોદરા. |
| આરોપી તરફે | વિ.વકીલ શ્રી એમ.વાય.પટેલ હતા<br>અને ત્યારબાદ વિ.વકીલશ્રી જે.વી. |

| | |
|---|---|
| | પટેલ |

## ફોર્મ –બી

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૨૨/૦૩/૨૦૨૧ |
| ફરીયાદની તારીખ | ૨૫/૦૩/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | ૨૪/૦૫/૨૦૨૧ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૪/૦૧/૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૦૭/૦૫/૨૦૨૨ |
| ચુકાદો સંરક્ષીત રાખ્યાની તારીખ | ૦૮/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો | – |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયાં ગુનાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર | શું સજા કરી | સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે . |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અજયભાઇ વિક્રમ રાજુભાઇ વાઘરી | ૨૭/૦૩/૨૦૨૧ | ૦૫/૧૦/૨૦૨૩ના રોજ આ ગુનાના કામે જામીન મુકત | ઇ.પી.કો. કલમ–354 A (1) (i) ના ભંગ બદલ 354 A (2) 506(2), 363 અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–11(4) ના ભંગ બદલ કલમ–12 | કસુરવાર | – | – |

**<u>મુદામાલ</u>**

| ક્રમ | મુદામાલ | મુદામાલનું વર્ણન (એમ.આર.નં. ૬/૨૦૨૨) |
|---|---|---|
| ૧ | એક એચ.પી કંપનીની ૧૬ જી.બી. ની પેન ડ્રાઇવ જેમાં શુકલતીર્થ ગ્રામ પંચાયતના કેમેરાના સી.સી.ટી.વી. ફુટેજ રેર્કોડીંગ કરેલ છે તે એક પેપર કવરમાં શીલબંધ છે તે માર્ક–એ. | મુ.પા.નં.૩૧/૨૦૨૧ તા.૦૨/૦૪/૨૦૨૧ |
| ૨. | ઉપરોકત આર્ટીકલ નં૧માંની પેનડ્રાઇવમાંથી સી.સી.ટી.વી. ફુટેજની કોપી એક ડીવીડીમાં કરી ગુનાના કામે વર્કીંગ કોપી તરીકે રાખેલ છે તે. | મુ.પા.નં.૩૧/૨૦૨૧ તા.૦૨/૦૪/૨૦૨૧ |

**<u>ચુકાદો</u>**

**આ ચુકાદામાં જાતિય ગુનાથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમની જોગવાઈ મુજબ તેમજ નામદાર ઉચ્ચ ન્યાયાલયના ચુકાદામાંના સિધ્ધાંત મુજબ, ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેણીનો ''ભોગબનનાર'' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.**

૧. ફરીયાદીની ફરીયાદ હકીકત જોવામાં આવે તો ફરીયાદીએ જણાવેલ છે કે, પોતે પોતાના પરીવાર સાથે રહે છે અને પોતાના લગ્ન સને ૨૦૧૧ ની સાલમાં xxx ગામે રહેતા xxx સાથે થયેલ અને પોતાને તેઓ થકી સંતાનમાં બે બાળકો છે અને પોતાની મોટી દિકરી ઉ.વ. ૭ ની છે અને ધોરણ ૧ માં અભ્યાસ કરે છે તથા નાની દિકરી xxx ઉ.વ. દોઢ વર્ષની છે અને પોતાના પતિ દુધનો વેપાર ધંધો કરે છે અને તા.૨૨/૦૩/૨૦૨૧ના રોજ પોતે પોતાના ઘરે હતા અને પોતાની મોટી છોકરીxxx ના ધોરણ એક ના હોમવર્કના બે પેપર ઝેરોક્ષ માટે કેનીલભાઈની દુકાને આપેલ હતા જે હોમવર્કના પેપર લેવા માટે સવારના આશરે સવા અગિયારેક વાગે ભોગબનનારને કેનીલભાઈની દુકાને સાયકલ લઈને લેવા માટે મોકલેલ હતી અને આશરે પોણા બારેક વાગ્યાના અરસામાં પોતાની ભોગબનનાર છોકરી રડતી રડતી

ઘરે સાયકલ લઈ પરત આવેલી જેથી પોતે તેણીને પુછેલ કે, શુ થયુ ત્યારે તેણીએ પોતાને જણાવેલ કે,'' હુ કેનીલ કાકાની દુકાને પેપરની ઝેરોક્ષ લેવા ગયેલ હતી. પરંતુ કેનીલ કાકા પંચાયતે કામ હોવાથી ગયેલા હતા અને દુકાન બંધ હતી. જેથી દુકાનની પાળી ઉપર બેઠી હતી તે વખતે એક છોકરો કપડાનું પોટલુ લઈને આવેલો અને મારૂ નામ પુછીને મારી બાજુમાં બેસી ગયેલો અને કયા ધોરણમાં ભણે છે કેટલા વર્ષની છે. તેવું પુછી મને જણાવેલ કે પાછળ મંદીર આવેલુ છે. ત્યાં મને લઈ જાય છે. તુ શ્યોર છે. જેથી મે હા પાડેલી અને તે છોકરો મને કેનીલકાકા ની દુકાનની પાછળના ભાગે ટેરેશમાં જવાના દરવાજા પાસે લઈ જઈ દરવાજો ખોલી અડધા દાદર સુધી લઈ જઈ મને બાથ મારી દીધેલી અને મારૂ મોઢુ પકડી પપ્પી કરવા જતા જોરથી ચીસ પાડેલી જેથી મને છોડી દીધેલી અને આ છોકરો મને કહેવા લાગેલો કે કોઈને તુ કહીશતો તને હુ મારી નાખીશ, તેવું કહી જતો રહેલ.''તેવું પોતાને પોતાની ભોગબનનાર છોકરીએ રડતા રડતા જણાવેલ. ત્યારબાદ આ હકીકત પોતે પોતાના પતિ તથા ભાઈ તથા પોતાના બનેવી ને જાણ કરતાં તેઓએ આ છોકરા વિશે ગામમાં તપાસ કરેલી અને ગ્રામ પંચાયતમાં સી.સી.ટી.વી. કેમેરા જોતા કેનીલની દુકાને એક છોકરો બેઠેલો જણાઈ આવેલ જે છોકરાનો ફોટો પોતાની ભોગબનનાર દિકરીને બતાવતા તેને ઓળખી બતાવેલ,ત્યારબાદ પોતાના પતિએ xxx ગામ તથા આજુબાજુના ગામમાં તપાસ કરી ફોટાઓ બતાવતા તેનુ નામ અજયભાઈ રાજુભાઈ વાઘરી રહેવાસી ભરૂચ બસ સ્ટેન્ડની બાજુમા ઝુપડપટ્ટી તા.જી.ભરૂચનું જાણવા મળેલ હતું અને પોતાની ભોગબનનાર દિકરી ઉ.વ.૭ ને આરોપીએ ગઈ તા.૨૨/૦૩/૨૦૨૧ના કલાક ૧૧.૧૮ વાગે xxx ગામે કેનીલભાઈની દુકાન ઉપર આવેલ ટેરેસ ઉપર લઈ જઈ જાતીય સતામણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય જે બાબતે ભોગબનનાર દિકરીની બદનામી તેમજ માનસ ઉપર અસર પડેલ તેમ હોય જેથી પોતે કોઈ ફરીયાદ આપવાનું વીચારેલ ન હતું ત્યારબાદ પોતે ઘરના સભ્યો સાથે આ બાબતે ચર્ચા વિચારણા કરી પોતાની

દિકરી સાથે જે બનાવ બનેલ તે બીજા કોઈને દિકરી સાથે આવો બનાવ ન બને જેથી પોતે ફરીયાદ આપવાનું નકકી કરેલ હોય જેથી પોતાના પતિ તથા xxx તથા પોતાના જેઠાણી સાથે ફરીયાદ કરવા આવેલ છે તેમ જણાવીને ફરીયાદીએ ફરીયાદ આપેલ છે જે ફરીયાદ નબીપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૩૮૨૧૦૧૬૬/૨૦૨૧ , ઇ.પી.કો.કલમ–૩૫૪(એ),૫૦૬(૨),૩૬૩ તથા જાતીય ગુનાઓ થી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૧૨ મુજબની નોંધાયેલ અને ત્યારબાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ નામદાર કોર્ટમાં તા.૨૪/૦૫/૨૦૨૧ના રોજ ઇ.પી.કો.કલમ–૩૫૪(એ), ૩૬૩, ૫૦૬(૨)તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબનું ચાર્જશીટ મારા વિ.પુરોગામી ન્યાયાધીશ સમક્ષ રજુ કરતા મારા વિ.પુરોગામી ન્યાયાધીશ શ્રીએ પોકસો કેસ નં.૫૦/૨૦૨૧ થી રજીસ્ટર લીધેલ, ત્યારબાદ આરોપીને સમન્સ કરતાં હાજર થતાં સાંભળીને તા.૦૪/૦૧/૨૦૨૨ના રોજ આરોપી સામે મારા વિ.પુરોગામી ન્યાયાધીશશ્રીએ ઇ.પી.કો. કલમ–૩૫૪(એ), ૩૬૩, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબનું આંક–૦૬(એ) થી તહોમતનામું ઘડેલ અને આરોપીનું આંક–૦૭થી નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરતા ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**<u>ફોર્મ –સી</u>**

૨. ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

**(એ) ફરીયાદ પક્ષ તરફે મૌખીક પુરાવો**

| ક્રમ | સાહેદ નં. | સાહેદ | વિગત | આંક |
|---|---|---|---|---|
| ૧ | ૧ | મુબારક મુસા ભોચા | આરોપીનું અટક પંચનામાના પંચ સાહેદ | ૦૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૨ | ભોગબનનારની માતા | ફરીયાદી | ૧૧ |
| ૩ | ૩ | રતિલાલ ચતુરભાઇ વસાવા | આરોપીનું અટક પંચનામાના પંચ સાહેદ | ૨૧ |
| ૪ | ૪ | કલ્પેશભાઇ જયવદન ગોળવાલા | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર આપનાર સબ રજીસ્ટાર, ભરૂચ નગરપાલીકા | ૩૯ |
| ૫ | ૫ | ભોગબનનારના મોટા પપ્પા | સાહેદ | ૪૩ |
| ૬ | ૬ | ભોગબનનાર | ભોગબનનાર | ૪૪ |
| ૭ | ૭ | ભોગબનનારના પિતા | ભોગબનનારના પિતા | ૬૦ |
| ૮ | ૮ | રવિરાજ ઉર્ફે કેનીલ રાજેન્દ્રસિંહ પરમાર | સાહેદ | ૬૧ |
| ૯ | ૯ | શૈલેશકુમાર જગજીવનદાસ મિસ્ત્રી | એફ.એસ.એલ. અધિકારી | ૬૨ |
| ૧૦ | ૧૦ | વિશ્વાંગ જીતેન્દ્રભાઇ નિઝામા | સાહેદ | ૭૨ |
| ૧૧ | ૧૧ | ભદ્રેશભાઇ મનુભાઇ રાઠવા | તપાસ કરનાર અધિકારી | ૯૯ |
| ૧૨ | ૧૨ | શકિતસિંહ વેલુભા ચુડાસમા | તપાસ કરનાર અધિકારી | ૧૦૮ |

## (એ)ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા લિસ્ટ

| **ક્રમ** | **દસ્તાવેજી પુરાવાનું વર્ણન** | **તારીખ** | **સાહેદ નંબર** | **આંક** |
|---|---|---|---|---|
| ૧ | આરોપીનું અટક અને શરીરસ્થીતીનું પંચનામું અસલ | ૨૭/૦૩/૨૦૨૦ | ૧ અને ૩ | ૯ |
| ૨ | ફરીયાદ અસલ | ૨૫/૦૩/૨૦૨૧ | ૨ | ૧૨ |
| ૩ | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર અસલ | ભોગબનનારની જન્મ તા.૦૮/૦૫/૨૦૧૪ પ્રમાણપત્ર કાઢી આપ્યા તા.૧૪/૦૫/૨૦૨૫ જન્મ નોંધણી તારીખ ૧૭/૦૫/૨૦૧૪ | ૪ | ૪૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ભોગબનનારની જન્મ નોંધણીનું જન્મ મરણ રજીસ્ટરની ભોગબનનારની નોંધના પાનાની પ્રમાણીત નકલ | ભોગબનનારની જન્મની નોંધ ૦૮/૦૫/૨૦૧૪ નોંધણી તારીખ ૧૭/૦૫/૨૦૧૪ | ૪ | ૪૧ |
| ૫ | નિ.૨૮/૦૨ ના એફ.એસ.એલ.એનેક્ષર એ ના પેજ સાથે મોકલાવેલ ફોટોગ્રાફ પેજં નં.૧ થી ૬ | ૨૨/૦૩/૨૦ | ૦૬ | ૪૫ થી ૫૫ |
| ૬ | એફ.એસ.એસ.સુરત તરફથી મુદામાલ સ્વીકાર્ય અંગેનો સર્કલ પી.આઇ.ભરૂચ સી ડીવીઝન પોલીસ સ્ટેશને લખેલ પત્ર અસલ | ૦૮/૦૬/૨૦૨૧ | ૯ | ૬૩ |
| ૭ | એફ.એસ.એલ. સુરતનો એકઝામીનેશન રીપોર્ટ અસલ | ૦૪/૦૬/૨૦૨૧ | ૯ | ૬૪ |
| ૮ | આંક–૬૪ના રીપોર્ટ સાથે એનેક્ષરનું પાનું છે જેની ઉપર આરએફએસએલ/ ઇઇ/ ૨૦૨૧/સીએફ/૧૮૧ એનેક્ષર એ પેજ નં.૧ થી ૬ દર્શાવેલ છે અને સાથે આંક–૪૫ થી ૫૫ના ફોટોગ્રાફ છે. | – | ૯ | ૬૫ |
| ૯ | એફ.એસ.એલ. અધિકારીએ પેનડ્રાઇવ અને ડીવીઆર સબબ આપેલ પુરાવા કાયદાની કલમ– ૬૫(બી)(૪)(સી)નું સર્ટીફીકેટ અસલ | – | ૯ | ૬૬ |
| ૧૦ | મુદામાલ આર્ટીકલ નં.૧ સીલબંધ કવરમાંથી પેન ડ્રાઇવ નીકળેલ છે અને તેમાંથી નીકળેલ એફએસએલની સ્લીપ અસલ | – | ૯ | ૬૭ |
| ૧૧ | મુદામાલ આર્ટીકલ નં.૧માંથી નીકળેલ પેનડ્રાઇવ અસલ | – | ૯ | ૬૮ |
| ૧૨ | મુદામાલ આર્ટીકલ નં.૨ સીલબંધ કવરમાંથી ડીવીડી નીકળેલ છે અને તેમાંથી નીકળેલ એફએસએલની સ્લીપ અસલ | – | ૯ | ૬૯ |
| ૧૩ | મુદામાલ આર્ટીકલ નં.૨ માંથી નીકળેલ ડીવીડી | – | ૯ | ૭૦ |
| ૧૪ | ગુનાના કામે સીસીટીવી ફુટેજ કબજે કરવા અંગેનું પંચનામું અસલ | ૦૨/૦૪/૨૦૨૧ | ૧૦ | ૭૩ |
| ૧૫ | મુદામાલ આર્ટીકલ નં.૧માંથી નીકળેલ પેનડ્રાઇવ જે સીલબંધ કવરમાં છે તે કવર અસલ | – | ૧૦ | ૭૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું અસલ | ૨૫/૦૩/૨૦૨૧ | તે આરોપી તરફે પંચનામામાં શેરો કર્યા મુજબ કબુલ કરેલ છે. | ૭૫ |
| ૧૭ | ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ-૬૫(બી) (iv) (સી)ની જોગવાઇ હેઠળનું પ્રમાણપત્ર રવિરાજ સિંહ ઉર્ફે કેનીલભાઇ રાજેન્દ્રભાઇ પરમારએ આપેલ હોવાનું દર્શાવેલ છે તે અસલ છે. | ૦૨/૦૪/૨૦૨૧ | ૦૮ | ૯૭ |
| ૧૮ | બી.એમ.રાઠાવા સર્કલ પોલીસ ઇન્સ્પેકટર શ્રીએ સરપંચશ્રી શુકલતીર્થ ગ્રામ પંચાયત ને સી.સી.ટી.વી. ફુટેજ આપવા બાબતે કરેલ યાદી અસલ જેમાં સરપંચ શ્રી ગ્રામપંચાયત શુકલતીર્થનો સીકકો પણ છે અને સહી અને તા.૨૬/૦૩/૨૦૨૧ છે. | ૨૬/૦૩/૨૦૨૧ | ૧૧ | ૧૦૦ |
| ૧૯ | બી.એમ.રાઠાવા સર્કલ પોલીસ ઇન્સ્પેકટર શ્રીએ મદદનીશ પોલીસ અધિક્ષકશ્રીને આરોપીને અટક કર્યાની જાણ વાયરલેસ મેસેજથી કરેલ તે યાદી અસલ | ૨૭/૦૩/૨૦૨૧ | ૧૧ | ૧૦૧ |
| ૨૦ | બી.એમ.રાઠાવા સર્કલ પોલીસ ઇન્સ્પેકટર શ્રીએ ચીફ ઓફીસરશ્રી, જન્મ મરણ રજીસ્ટ્રારશ્રીની કચેરી, નગર પાલીકા કચેરી,ભરૂચને ભોગબનનાર બાલીકાનો જન્મનો દાખલો ખરાઇ કરીને આપવા બાબતે કરેલ યાદી અસલ | ૧૯/૦૫/૨૦૨૧ | ૧૧ | ૧૦૨ |
| ૨૧ | સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ અંગેના ભોગબનનારના પિતાના પ્રમાણપત્રની નકલ | દાખલો કાઢી આપ્યા તા.૭/૬/૨૦૦૧ | ૧૧ | ૧૦૩ |
| ૨૨ | એસ.વી.ચુડાસમા, ઇ/ચા પોલીસ સબ ઇન્સ્પેકટર , નબીપુર પોલીસ સ્ટેશન એ સી.પી.આઇ.શ્રી ભરૂચને ગુનો દાખલ થયાનો અને તપાસમાં આવવા માટેનો જાણ કરતો વાયરલેસ મેસેજ અસલ | ૨૫/૦૩/૨૦૨૧ | ૧૨ | ૧૦૯ |
| ૨૩ | એસ.વી.ચુડાસમા, પોલીસ સબ ઇન્સ્પેકટર, નબીપુર પોલીસ | - | ૧૨ | ૧૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | સ્ટેશનએ સર્કલ પોલીસ ઈન્સ્પેકટરશ્રી ને તપાસ સંભાળી લેવા બાબતે કરેલ યાદી અસલ | | | |
| ૨૪ | ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટની નકલ | – | ૧૨ | ૧૧૧ |

૩. ફરીયાદ પક્ષ તરફથી વિ.એ.પી.પી.સુ.શ્રી. એ પુરાવો પુરો થયાથી આંક–૧૧૨થી પુરસીસ રજુ કરેલ ત્યારબાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ મહંદ અંશે ઈન્કાર કરતા જવાબ આપેલ છે અને આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે,''અમો આરોપી તદન નિર્દોષ છીએ. અમો આરોપી કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. ખોટી ફરીયાદ દાખલ કરી ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે. અમો નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે''.

૪. આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનું નિવેદન લીધા બાદ વિ.એ.પી.પી.સુ.શ્રી તરફેની મૌખીક દલીલો સાંભળવામાં આવી અને વિ.એ.પી.પી.સુ.શ્રીએ આંક–૧૧૯ થી અને આરોપી તરફે આંક–૧૧૭ થી લેખીત દલીલો રજુ કરેલ અને આરોપી તરફે મૌખીક દલીલો પણ કરવામાં આવેલ છે જે ધ્યાને લીધી.

૫. વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલમાં જણાવે છે કે, આરોપી સામે ઈ.પી.કો. કલમ– 354 A (1) (i) ના ભંગ બદલ 354 A (2) 506(2), 363 અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–11(4) ના ભંગ બદલ કલમ–12 મુજબનો ગુનો હોવાની મૌખીક રીતે રજુઆત કરે છે અને જણાવે છે કે, આ કામે ઉપરોકત પેરા નં.૨માં જણાવ્યા પ્રમાણેના સાહેદો તપાસેલ છે તથા દસ્તાવેજો રજુ કરેલ છે અને બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૭ વર્ષની હતી અને તા.૨૨/૦૩/૨૦૨૧ના રોજ બનાવ બનેલ છે અને આંક-૧૨ થી ફરીયાદ રજુ થયેલ છે અને આરોપી ભોગબનનારને

બનાવવાળી જગ્યાએથી તે સગીર હોવા છતાં લઇ ગયેલ અને દાદરના ભાગે ભોગબનનારને બાથ ભરી લીધેલ અને પપ્પી કરવા જતા ભોગબનનારે ચીસ પાડેલ અને આરોપી ભોગબનનારને કહેલ કે તુ કોઇને કહીશ તો જાનથી મારી નાંખીશ અને આરોપીનો ઈરાદો ભોગબનનાર સાથે બદકામ કરવાનો હતો અને ભોગબનનારની જન્મ તારીખ ભોગબનનાર જણાવે છે અને સાહેદ નં.૪ કલ્પેશ જયવદન ગોળવાળા જે નગરપાલીકાના સબ રજીસ્ટાર છે તે પુરાવામાં જણાવે છે અને જન્મ તા.૦૮/૦૫/૨૦૧૪ છે અને આંક-૪૦ થી જન્મનો દાખલો અને આંક-૪૧ થી જન્મ રજીસ્ટરની ખરી નકલ રજુ કરે છે અને આરોપી તરફે સાહેદોના પુરાવામાં ભોગબનનારની ઉંમર પડકારવામાં આવતી નથી અને ભોગબનનાર બનાવ વખતે ૬ વર્ષ ૧૦ માસ અને ૧૭ દિવસની હોવાનું અને તે રીતે ૭ વર્ષથી નીચેની હોવાનું પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ છે અને ભોગબનનાર અને સાહેદોના પુરાવા વિશ્વસનીય છે અને સી.સી.ટી.વી. ફુટેજની એફ.એસ.એલ.એ. તપાસણી કરેલ છે જે પંચાયત ઓફીસમાંથી મેળવેલ છે અને તેમાં કોઈ એડીટીંગ નથી અને તે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૯ના પુરાવામાં આવે છે અને પુરાવા કાયદાની કલમ-૬૫(બી)(૪)(સી)નું સર્ટીફીકેટ પણ આપેલ છે અને આંક-૪૫ થી ૫૫ સુધીના ફોટોગ્રાફ છે જે પુરાવામાં ગ્રાહય છે અને સાહેદોએ પ્રોસીકયુશનને સમર્થનકારક પુરાવો આપેલ છે, પંચ સાહેદ નં.૩ ફરી જવાથી પ્રોસીકયુશનના કેસને નુકશાન જતુ નથી અને રવિરાજ ઉર્ફે કેનીલ પરમાર ભોગબનનાર અને અજાણ્યો વ્યકિત સ્થળ ઉપર હતો તેને સમર્થન આપે છે, અમુક હકીકતે સમર્થન નથી આપતા પણ જેટલુ સમર્થન આપે છે તે પુરાવો પ્રોસીકયુશનને મદદરૂપ થાય છે અને તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧ એ તેની તપાસ અંગે પુરાવો આપેલ છે અને સાહેદ નં.૧૨એ ફરીયાદ લીધી તે બાબતનો પુરાવો આપે છે અને પ્રોસીકયુશને સી.સી.ટી.વી. ફુટેજ આંક- ૬૭ ની પેનડ્રાઇવમાં અને આંક-૬૯ની

ડી.વી.ડી.માં જે હતા તે પુરવાર કરી શકેલ છે અને પ્રોસીકયુશન આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે જેથી આરોપીને સખતમાં સખત પુરેપુરી સજા, દંડ કરવા અને ભોગબનનારને વળતર અપાવવા વિનંતી કરે છે.

૬. આરોપીના વિ.વકીલશ્રીએ તેમની દલીલમાં જણાવે છે કે, આરોપી સામે જે આક્ષેપીત ગુનાનુ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને પેરા નં.ર મુજબના મૌખીક, દસ્તાવેજી પુરાવા પ્રોસીકયુશન તરફે રજુ થયેલ છે અને પ્રોસીકયુશને પોતાનો કેસ સાબીત કરવાનો બોજો પ્રોસીકયુશન ઉપર છે અને પ્રોસીકયુશન તરફે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો વિશ્વસનીય નથી અને વિરોધાભાસી પુરાવો છે, ફરીયાદીની જુબાની વિશ્વસનીય નથી અને માનવાપાત્ર નથી, તેમજ પંચ સાહેદ નં.૩ ફરી ગયેલ છે, પંચ સાહેદ નં.૧ નો પુરાવો પણ માનવા પાત્ર નથી, તેમજ સાહેદ નં.૪ જન્મ મરણ અધિકારીએ પોતે જન્મની નોંધ કરેલ નથી અને કયા દસ્તાવેજના આધારે નોંધણી કરેલ છે તે જોયેલ નથી તેમજ ભોગબનનારના મોટા પપ્પાનો પુરાવો પણ માનવા પાત્ર નથી અને આજુબાજુ દુકાન ખુલ્લી હોય તેમના માલીકનું નિવેદન લીધેલ નથી, ભોગબનનારની જુબાની વિરોધાભાસી છે, ફોટા ઓળખી બતાવેલ છે તે ઉપજાવી કાઢેલ છે અને ફોટામાં ભોગબનનારને ટચ કરેલ હોય કે ખરાબ કૃત્ય કરેલ હોય તેવું જણાઇ આવતુ નથી અને ભોગબનનારના પિતાનો પુરાવો પણ વિશ્વસનીય નથી, માનવા પાત્ર નથી, સાહેદ નં.૮ રવિરાજ ઉર્ફે કેનીલભાઇ પરમારના પુરાવાથી સમર્થન મળતું નથી અને પુરાવો પાછળથી ખોટી રીતે ઉપજાવી કાઢેલ છે તેનો પુરાવો ધ્યાને લેવાય તેમ નથી, તપાસ કરનાર અધિકારીએ ખામી યુકત તપાસ કરેલ છે, ખોટા પુરાવા ઉભા કરેલ છે, આરોપી સામેનો આક્ષેપીત ગુનો પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ નથી તે જણાય છે જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરે છે.

૭. આ કામમાં રેકર્ડ, રજુઆતના અનુસંધાને મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થીત થયેલ છે.

૧. શું પ્રોસીકયુશન પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગબનનાર ૧૮ વર્ષથી નીચેની ઉંમરના અને સગીર વયની ઉંમરના હતા અને ભોગબનનારની જન્મ તા.૦૮/૦૫/૨૦૧૪ છે?

૨. શું પ્રોસીકયુશન પુરવાર કરે છે કે, તા.૨૨/૦૩/૨૦૨૧ના કલાક ૧૧.૦૦ થી ૧૧.૪૫ દરમ્યાન બનાવવાળી જગ્યાએ સગીર ભોગબનનાર દુકાનની પાળી ઉપર બેઠેલ હતી ત્યારે આરોપીએ ભોગબનનાર સગીર હોવાનું જાણવા છતાં, ભોગબનનારને મંદિરે જબરજસ્તીથી લઇ જવાનું કહીને ભોગબનનારનું તેના કાયદેસરના વાલીપણામાં કાયદેસર વાલીની સંમતી વગર ભોગબનનાર સગીર હોવા છતાં અને આરોપી જાણતા હતા કે ભોગબનનાર સગીર છે અને સંમતી આપવા સક્ષમ નથી છતાં આરોપીએ ભોગબનનારનું અપહરણ કરી ભોગબનનારને મંદિર લઇ જઇ દાદર ઉપર આરોપીએ ગુનાહીત બળ વાપરી જાતીય ઇરાદાથી બનાવવાળી જગ્યાએ ભોગબનનારને બાથ ભરી, ભોગબનનારનું મોઢું પકડી ચહેરા ઉપર પપ્પી કરવાનો પ્રયત્ન કરેલ અને ભોગબનનારે જેથી જોરથી ચીસ નાંખેલ અને તે રીતે આરોપીએ ભોગબનનારની જાતીય સતામણી કરેલ અને ભોગબનનારે ચીસ નાંખતા આરોપીએ ભોગબનનારને કહેલ કે તુ આ વાત કોઇને કહીશ તો તને જાનથી મારી નાંખીશ અને રીતે આરોપીએ ભોગબનનારને ગુનાહીત ધમકી આપેલ અને તે રીતે આરોપીએ ઇ.પી.કો. કલમ-354 A (1) (i) ના ભંગ બદલ 354 A (2),363, 506(2) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ-11(4) ના ભંગ બદલ કલમ-12 મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૩. શું હુકમ?

૮. ઉપરોકત મુદાઓના મારા ન્યાયી નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. હકારમાં

૩. આખરી હુકમ મુજબ.

**<u>મુદા નં.૧ અને ૨ :–</u>**

૯. પ્રોસીકયુશન તરફે આંક–૦૮ થી સાહેદ નં.૧ તરીકે પંચ સાહેદ મુબારક મુસા ભોચાનો પુરાવો થયેલ છે, આ પંચ સાહેદ તેના પુરાવામાં તા.૨૭/૦૩/૨૦૨૦ના રોજ પોતે નબીપુર પો.સ્ટે.ના બોલાવવાથી ત્યાં હાજર થયેલો તે વખતે પોતાની સાથે રતીલાલ ચતુરભાઇ વસાવા પણ હાજર હતા અને પોલીસ સમક્ષ એક વ્યકિત હાજર હતો જેની પોલીસે આરોપી તરીકે ઓળખ આપેલી અને તેનુ નામઠામ પુછતા તેને પોતાનુ નામ અજયભાઇ ઉર્ફે વિક્રમ રાજુભાઇ વાઘરી ઉ.વ.૨૫ રહેવાસી ઇન્દીરાનગર ઝુપડપટ્ટી, ભરૂચ, હાલ નવાપુરા, એસ.એસ.સી.બોર્ડની સામે વાઘરી વાડ મહોલ્લો લત્તા નં. ૧,૨ વડોદરાનો હોવાનું જણાવેલ અને તેને શરીર પર એક કાળા કલરનું આખી બાયનું શર્ટ તથા કાળા કલરનું સફેદ ચેકસ વાળુ જીન્સ પેન્ટ પહેરેલુ હતુ અને લાજ મર્યાદામાં અલગ રૂમમાં તેને લઇ જઇ તેના કપડા કઢાવી તેના શરીર પર જોતા કોઇ મારઝુડ કે ઇજાના નિશાન જણાયેલા નહી અને આ આરોપીની અંગ ઝડતી કરતા કોઇ ગુનાહીત ચીજવસ્તુ કે તપાસને લગતી કોઇ ચીજવસ્તુ મળી આવેલ નહી અને તે બાબતેનું વિગતવારનું પંચનામું પોલીસે પંચો રૂબરૂ કરી અનુક્રમ નં.૧ પર પોતાની સહી કરાવી અને અનુક્રમ નં.૨ પર રતિલાલભાઇ ચતુરભાઇ વસાવાની સહી લીધેલી અને પોતે પંચનામું જોઇને કહે છે કે, તેમાં અનુક્રમ નં.૧ ઉપર પોતાનતી તથા અનુક્રમ નં.૨ પર રતિલાલભાઇ ચતુરભાઇ વસાવાની સહી ઓળખી બતાવે છે અને આંક–૦૯થી પંચનામું રજુ કરે છે અને આરોપીને કોર્ટમાં ઓળખી બતાવે છે.

૯.૧. આ પંચસાહેદની આરોપી તરફે વિ.વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે અને તેમાં સાહેદ કબુલ કરે છે કે, પોતે બોલતો હોય અને

પોલીસ લખતી હોય તેવું બનેલ નથી અને નબીપુર પો.સ્ટે.માં ઘણા બધા કેસમાં પોલીસ પંચ તરીકે રહે છે.

૧૦. પ્રોસીકયુશન તરફે આંક–૧૧ થી સાહેદ નં.ર તરીકે ભોગબનનારની માતા કે જે ફરીયાદી છે તેનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં પોતે પોતાના કુંટુંબ સાથે રહે છે અને પોતાને સંતાનમાં બે દિકરીઓ છે અને ભોગબનનાર પોતાની મોટી દિકરી છે અને ભોગબનનારની બનાવ સમયે ઉંમર આશરે ૭ વર્ષની હતી અને બનાવ તા.રર/૦૩/ર૦ર૧ના રોજ બનેલ અને બનાવના દિવસે પોતે પોતાના ઘરે હતી અને પોતાની દિકરી બનાવના દિવસે કેનીલભાઇની દુકાનએ પેપર ઝેરોક્ષ કરાવવા માટે ૧૧ વાગ્યાના સુમારે સાયકલ લઇને ગયેલી અને પોતાની દિકરી આશરે ૧ર વાગ્યાના સુમારે રડતી રડતી સાયકલ લઇને ઘરે આવેલી જેથી પોતે તેને પુછતા તેણે જણાવેલુ કે, ''હું દુકાનએ ગઇ ત્યારે ત્યાં બેઠી હતી તે સમયે ત્યાં એક છોકરો કપડાનું પોટલું લઇને આવેલો અને મારૂં નામ પુછેલુ અને કયાં ધોરણાં ભણે છે અને કેટલા વર્ષની છે તેવું પુછેલું''. વધુ પુરાવો જોતાં આરોપીએ પોતાની દિકરીને મંદિરએ લઇ જવાનું કહેલું જેથી પોતાની દિકરીએ હા પાડેલી તે પછી આ છોકરો પોતાની દિકરીને દુકાનના પાછળના ભાગે ટેરેસ ઉપર જવાના પાછળના ભાગે દાદર ઉપર લઇ ગયેલ અને પછી તે છોકરાએ પોતાની દિકરીને બાથ ભરી દીધેલી અને પપ્પી કરવા જતા મારી દિકરીએ ચીસ પાડતા તે ભાગી ગયેલો જતા જતા તેણે ભોગબનનારને એવું કહેલું કે ''જો તુ કોઇને કહીશ તો હુ તને મારી નાખીશ તેમ કહી જતો રહેલો''. વધુ પુરાવો જોતાં તે પછી પોતે બનાવની જાણ પોતાના પતિ, પોતાના ભાઇ અને પોતાના બનેવીને કરેલી, તે પછી ગામમાં આ છોકરા બાબતે તપાસ કરેલી અને પંચાયતના સીસીટીવી કેમેરામાં આ છોકરો દુકાને બેસેલો જોવા મળેલ તે ફોટો પોતાની દિકરીને બતાવતા પોતાની દિકરીએ ઓળખી બતાવેલ અને ફોટાના આધારે તપાસ કરતા એવું જાણવા મળેલ કે આ ફોટાવાળો વ્યકિત અજયભાઇ રાજુભાઇ વાઘરી છે ત્યારબાદ પોતે

પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી જે ફરીયાદ પોતે જોઇને કહે છે કે તે તેજ છે જે આંક–૧૨ થી રજુ છે અને આરોપીને પોતે જોયે ઓળખી શકે અને પોતે સીસીટીવી કેમેરામાં જોયેલો અને ત્યારબાદ પોલીસ સ્ટેશનમાં જોયેલો અને આરોપી કોર્ટમાં હાજર છે તે જ હોવાનું સાહેદ જણાવે છે.

૧૦.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલી છે, તેમાં સાહેદ કબુલ કરે છે કે, પોતે બધા સંયુકત પરીવારમાં રહે છે અને પોતાના ઘરથી કેનીલભાઇની દુકાન ચલાતા જતા ૫–૧૦ મીનીટ થાય અને કેનીલભાઈની દુકાનની આજુબાજુ ઘણીબધી દુકાનો આવેલી છે અને આજુબાજુ રહેણાંકના મકાનો અને બસ સ્ટેન્ડ આવેલ છે અને બનાવવાળા સ્થળની આજુબાજુ ઘણાબધા લોકો હોય છે અને કેનીલભાઈની દુકાનની આજુબાજુ બેસવાની ખુરશીઓ આવેલી છે અને પોતાની દિકરી એકલી ઘરે આવેલી અને આવો કોઇ બનાવ રોડ ઉપર બને તો લોકોનું ટોળું ભેગું થઇ જાય અને બનાવની જાણ પોતાની દિકરીએ પોતાને કરેલી તે સીવાય કોઇને કરેલી નહી. વધુ પુરાવો જોતાં ફરીયાદ કરવા માટે પોતાની સાથે પોતાના જેઠ, પોતાના ભાઈ અને પોતાના જેઠાણી આવેલા. સાહેદ કબુલ કરે છે કે, આ બનાવની ફરીયાદ બન્યા બાદ બે દિવસ પછી આપેલી છે અને પોતે પોલીસ સ્ટેશનમાં લેખીત ફરીયાદ આપેલી. સાહેદ જણાવે છે કે, પોતે લેખીતમાં આપેલી નહીં, મૌખીક જણાવેલી. સાહેદ કબુલ કરે છે કે, આ બનાવની ફરીયાદ પોતાની સાથે આવેલા માણસોએ ભેગા થઇને લખાવેલી. વધુ પુરાવો જોતાં સાહેદ જણાવે છે કે,'' તે વાત ખરી નથી કે,' એક છોકરો કપડાનું પોટલું લઇને આવેલો અને મારું નામ પુછેલું અને કયાં ધોરણાં ભણે છે અને કેટલા વર્ષની છે તેવું પુછેલું. તેણે મારી દિકરીને મંદીરએ લઇ જવાનું કહેવું જેથી મારી દિકરીએ હા પાડેલી. તે પછી આ છોકરો મારી દિકરીને દુકાનના પાછળના ભાગે ટેરેસ ઉપર જવાના પાછળના ભાગે દાદર ઉપર લઇ ગયેલો. તે પછી તે છોકરાએ મારી દિકરીને બાથ ભરી દીધેલી અને પપ્પી કરવા જતા પોતાની દિકરીએ ચીસ પાડતા તે ભાગી ગયેલો જતા જતા તણે એણે એવું

કહેલુ કે જો તુ કોઇને કહીશ તો હુ તને મારી નાખીશ તેમ કહી જતો રહેલો'. તે હકીકત ખોટી જણાવું છું''. આવો કોઇ બનાવ બનેલ ન હોવાનો ઈન્કાર કરે છે.

૧૧. પ્રોસીકયુશન તરફે આંક–૨૧ થી સાહેદ નં.૩ તરીકે પંચ સાહેદ રતિલાલ ચતુરભાઈ વસાવાનો પુરાવો થયેલ છે આ સાહેદ આંક–૯ ના આરોપીના અટક અને શરીરસ્થીતીના પંચનામાના પંચ છે આ પંચ સાહેદનો પુરાવો જોતાં પંચ સાહેદ પંચનામામાં સહી સીવાયની હકીકતને સમર્થન કરતા નથી ફરી ગયેલ જાહેર થયેલ છે અને વિ.પી.પી.શ્રીએ કરેલી ઉલટતપાસમાં ઈન્કાર કરતાં જવાબો આપે છે અને આરોપી તરફેની ઉલટતપાસમાં પોતે સહી કરાવ્યા સીવાય બીજુ કઈ જાણેલું ન હોવાનો ઈન્કાર કરે છે જેથી આ પંચ સાહેદનો પુરાવો જોતાં પ્રોસીકયુશનને સ્પષ્ટપણે મદદરૂપ થતો નથી તે જણાય છે.

૧૨. પ્રોસીકયુશન તરફે આંક–૩૯ થી સાહેદ નં.૪ તરીકે કલ્પેશ જયવદન ગોળવાળાનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતે ભરૂચ નગરપાલીકામાં છેલ્લા નવ મહીનાથી જન્મ મરણ વિભાગમાં સબ રજીસ્ટાર તરીકે ફરજ બજાવે છે અને પોતાની ફરજના ભાગરૂપે જન્મ મરણ અને લગ્નની નોંધણી કરવાની હોય છે અને જન્મની નોંધણીમાં હોસ્પીટલમાં જન્મ થયો હોય તો ત્યાંથી લેખીતમાં કાગળ આવે જેના આધારે પોતે રજીસ્ટરમાં નોંધણી કરી જન્મનું પ્રમાણપત્ર બનાવીને આપે છે અને પોતે ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર અસલ જોઈને કહે છે કે, તેમાં ભોગબનનારનું નામ અને તેની નીચે તેની જન્મ તારીખ ૦૮/૦૫/૨૦૧૪ ની લખેલી છે અને આ સર્ટીફીકેટમાં ભોગબનનારની માતા પિતાનું નામ અને જન્મના સ્થળમાં XXX નર્શીગ હોમ ભરૂચ લખેલ છે અને સર્ટીફીકેટમાં પોતાની સહી તેમજ હોદ્દાનો સીકકો મારેલ છે જે પોતે ઓળખી બતાવે છે અને આંક–૪૦ થી રજુ કરે છે અને પોતાને જન્મ રજીસ્ટરના પાના નં.૧૨૭ ની પ્રમાણીત નકલ બતાવવામાં આવે છે અને તે અસલ રજીસ્ટર પોતે

પોતાની સાથે લાવેલ છે અને તે રજીસ્ટરમાં ક્રમ નં.૨૨૭૦ ઉપર ભોગબનનારની જન્મની વિગત લખવામાં આવેલ છે તે ક્રમ નં.ર માં નોંધણીની તા.૧૭/૦૫/૨૦૧૪ લખાવામાં આવેલ છે અને ક્રમ નં.૦૩ મા જન્મની તારીખ ૦૮/૦૫/૨૦૧૪ લખાવામાં આવેલ છે અને ક્રમ નં.૦૫ માં બાળકનું નામ લખવામાં આવેલ છે આ કેસમાં ભોગબનનારનું નોંધણી વખતે જે નામ લખવામાં આવેલું તે નોંધણીની તા.૧૭/૦૫/૨૦૧૪ નોંધેલી છે અને ભોગબનનારનું પહેલુ નામ તા.૨૫/૦૭/૨૦૧૪ના રોજ પાડવામાં આવેલ અને તે જ નામ રજીસ્ટરમાં નોંધવામાં આવેલ ત્યારબાદ ભોગબનનારના પિતાના સોંગદનામાના આધારે ચીફ ઓફીસર નગરપાલીકાએ કરેલ હુકમ મુજબ ભોગબનનારના નામમાં તા.૧૬/૦૯/૨૦૧૯ના રોજ સુધારો કરવામા આવેલો અને તે સુધારો કરી નવુ નામ આ જ રજીસ્ટરના કોલમ નં.૫ માં જુના નામ ઉપર રાઉન્ડ કરી તેની ઉપર નવુ નામ લખેલુ છે અને તેના હુકમની નોંધ રજીસ્ટરના કોલમ નં.૧૪ માં કરવામાં આવેલ છે અને આ રજીસ્ટરના કોલમ નં.૬ અને ૭માં ભોગબનનારના માતા પિતાનું નામ, કોલમ નં.૮માં રહેઠાણનું સરનામું લખાવામાં આવેલ છે, કોલમ નં.૯માં ભોગબનનારનું જન્મ સ્થળ XXX નર્સીગ હોમ લખવામાં આવેલ છે અને કોલમ નં.૧૧ માં માહિતી આપનારનું નામ, આ કેસમાં માહિતી આપનાર ભોગબનનારના પિતા છે તેઓનું નામ લખવામાં આવેલ છે અને રજીસ્ટરના પ્રમાણીત પાના ઉપર ભરૂચ નગરપાલીકાના સેક્રેટરીશ્રીની સહી તેમજ હોદ્દાનો સીકકો મારેલ છે તે પોતે ઓળખી બતાવે છે અને તે આંક-૪૧ થી રજુ કરે છે.

૧૨.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે, તેમાં સાહેદ જણાવે છે કે, પોતે ૨૭ વર્ષથી ભરૂચ નગરપાલીકામાં ફરજ બજાવે છે અને જન્મ મરણ વિભાગમાં સબ રજીસ્ટાર તરીકે છેલ્લા નવ મહીનાથી ફરજ બજાવે છે. સાહેદ કબુલ કરે છે કે, જન્મની નોંધણી પોતાના ધ્વારા કરવામાં આવેલ નહી અને પોલીસે પોતાનું નિવેદન લીધેલું નથી અને નોંધણી વખતે રજુ થયેલા દસ્તાવેજ

પોતાને જોવાનો પ્રસંગ બનેલો નહી અને હાલના કેસમાં નામ સુધારણા સોંગદનામાના આધારે થયેલ છે.

૧૩. પ્રોસીકયુશન તરફે આંક–૪૩ થી સાહેદ નં.૫ તરીકે ભોગબનનારના મોટા પપ્પાનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતે સંયુકત કુટુંબમાં રહે છે અને પોતાના પરીવારમાં માતા પિતા, પત્ની તથા બે દિકરીઓ અને પોતાના નાના ભાઇના પરીવાર સાથે રહે છે અને પોતે તથા પોતાના ભાઈ દુધનો વેપાર કરી ગુજરાન ચલાવીએ છે અને બનાવ વર્ષ ૨૦૨૧માં બનેલો અને બનાવના દિવસે સવારે પોતે તથા પોતાનો ભાઈ દુધ લેવા અલગ અલગ નીકળેલા અને પોતે સાડા દશ અગીયાર વાગે ઘરે પરત આવેલ અને ઘરે પોતાની માતા, પત્ની, પોતાના ભાઈની પત્ની તેમજ પોતાની તથા પોતાના ભાઈની દિકરીઓ ઘરે હાજર હતા અને પોતાના પિતા ભરૂચ કામથી ગયેલા અને પોતાના ભાઈની દિકરી જે આ કામે ભોગબનનાર છે તેની સ્કુલ કોરોનાના લીધેલ ઓનલાઈન ચાલતી હોય હોમ વર્કના પેપર ઝેરોક્ષ કરાવવા કેનીલભાઈની દુકાને આશરે અગીયાર વાગે સાયકલ લઈને ગયેલી અને સાડા અગીયાર પોણા બાર વાગે રડતા રડતા આવેલી અને આ સાહેદ વધુમાં જણાવે છે કે,'' અમોને ઘરે જણાવેલ કે હુ કેનીલકાકાના દુકાને ગયેલી ત્યારે તેમની દુકાન બંધ હતી અને બાજુની દુકાનના ભાઈએ તેને કહેલ કે અહીયા બેસ કેનીલભાઈ પંચાયત ગયેલા છે જેથી હુ ઓટલા ઉપર બેઠેલી ત્યારે અજય વાઘરી આવીને મને મારૂ નામ, સ્કુલનું નામ પુછેલુ અને મને કહેલ કે ચાલ આપણે મંદિરે જઈને આવીએ અને આ અજયે મને મંદિરના પાછળના ભાગે ટેરેસ આવેલી છે ત્યાં લઈ ગયેલો અને મને પકડીને પપ્પી કરવાની કોશીષ કરેલી જેથી મે ચીસ પાડેલી અને અજયે ત્યારબાદ મને છોડી દીધેલ અને તેણે મને કહેલ કે જો કોઈને કહીશ તો તને જાનથી મારી નાખીશ તેવુ ભોગબનનારે અમને જણાવેલુ''. આ સાહેદનો વધુ પુરાવો જોતાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ ભોગબનનારની મમ્મીએ તેમના ભાઈ અને બનેવીને જાણ કરેલી જાણ

કરતા તેઓ ઘરે આવી ગયેલા અને તેઓ પંચાયતના કેમેરા જોવા ગયેલા અને ત્યાં સી.સી.ટી.વી. કેમેરામાં જોતા કેનીલની દુકાને આરોપી પોટલુ લઇને બેઠેલો જણાઇ આવેલ જેથી ઘરે આવીને વાતચીત કરીને ભોગબનનારની માતાએ નબીપુર પો.સ્ટે.માં ફરીયાદ લખાવેલી અને ફરીયાદના સંદર્ભે પોલીસ તપાસ કરવા આવેલી અને ભોગબનનાર તેમજ પોતાના ઘરના બધા સભ્યોના પુછપરછ કરીને નિવેદનો લીધેલા.

૧૩.૧. આ સાહેદની આરોપી તરફે વિ.વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે અને તેમાં સાહેદ કબુલ કરે છે કે, પોતે શુકલતીર્થ મુકામે કાયમી ધોરણે સંયુકત પરીવારમાં રહે છે અને બનાવ સમયે પોતે ઘરે હતા અને કેનીલકાકાની દુકાન પાદરમાં આવેલી છે અને નજીકમાં બેસવાની ખુરશીઓ પણ છે અને કેનીલકાકાની દુકાને લોકોની અવર જવર રહે છે. પોલીસને પોતે આરોપીનું નામ લખાવેલ ન હોવાનો ઇન્કાર કરે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોલીસ જ આરોપીને પકડીને લાવેલી. કબુલ કરે છે કે, પોતાને પંચાયતમાં જવાનો પ્રસંગ બનેલો નથી. આવો કોઇ બનાવ બનેલો ન હોવાનો કે ફરીયાદી પોતાના પરીવારના હોય એટલે તેમના સમર્થનમાં ખોટી જુબાની આપતા હોવાનો ઇન્કાર કરે છે.

૧૪. પ્રોસીકયુશન તરફે આંક–૪૪ થી સાહેદ નં.૬ તરીકે ભોગબનનારનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતાની જન્મ તારીખ ૦૮/૦૫/૨૦૧૪ હોવાની અને પોતાની સાથે બનાવ બનેલો અને પાંચ વર્ષ પહેલા બપોરે બનેલો અને બનાવ સમયે પોતાની ઉંમર સાત વર્ષની હોવાનું અને બનાવ સમયે લોકડાઉન હતુ અને ઓનલાઇન ભણવાનું ચાલતુ હતુ ત્યારે સ્કુલમાંથી મેસેજ આવ્યો હતો કે આ પ્રિન્ટ કઢાવીને લઇ આવજો ત્યાર પછી પોતે સાયકલ લઇને પ્રિન્ટ કાઢવવા ગઇ ત્યારે તે દુકાન બંધ હતી ત્યારે બાજુની દુકાનવાળાએ કહેલ કે તે દુકાનવાળા ભાઇ પંચાયતમાં ગયા છે હમણા આવશે અને તુ બેસ તેવું કહેલ અને પછી પોતે પાળી ઉપર બેસેલ ત્યારે થોડીવાર પછી કાકા

આવ્યા ત્યારપછી પોતે પાળી ઉપરથી નીચે ઉતરી ગઈ તો કાકાએ કહેલ કે બેસી જા ત્યારપછી પોતે બેસી ગઈ ત્યારપછી કાકાએ પોતાનું નામ, ધોરણ, સ્કુલ, પોતાનું ઘર, ઉંમર પુછી પછી ત્યાં પાછળ મંદિર હતુ ત્યારપછી કાકાએ કહેલ કે મારી સાથે મંદીર આવે તેવું કહેતા પોતે કીધુ ના તો પણ કાકાએ જબરજસ્તીથી કહેલ કે ચાલ અને ત્યારપછી પોતે કીધુ સારૂ અને ત્યારપછી પોતે અને કાકા મંદિરે ગયા અને દર્શન કર્યા અને મંદિરની સામે દાદર હતો ત્યાં પોતાને લઈ ગયા ત્યારપછી તેમણે પોતાને બાથ ભરી ત્યારપછી તે પોતાને ચહેરા ઉપર પપ્પી કરવા જતા હતા ત્યારપછી પોતે જોરથી ચીસ પાડી ત્યાર પછી તે જતા રહયા અને પોતાને કીધુ કે કોઇને કહ્યુ તો જાનથી મારી નાખીશ અને ત્યારપછી જે કાકાએ પોતાની સાથે કર્યુ તેને પોતે જોયે ઓળખે છે તેનું નામ પોતાને ખબર છે અને અને તે કાકાનું નામ અજય વાઘરી છે અને પોતાને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યારપછી પોતે ગભરાઇને રડતી રડતી ઘરે જતી રહી અને ઘરે જતી રહી અને ઘરે ગયા પછી પોતાની મમ્મીએ પોતાને કીધું શું થયું તો પોતે પોતાના મમ્મીને આ બનાવ બનેલો તે પોતે કીધો ત્યારપછી પોતાના મમ્મીએ પોતાના મામા અને માસાને ફોન કરીને બોલાવ્યા ત્યારબાદ પોતાના મામા અને માસાએ ગામના સી.સી.ટી.વી. ફુટેજ જોયા ત્યારપછી મામા અને માસા ઘરે પાછા આવ્યા અને ત્યાર પછી મામા અને માસાએ સી.સી.ટી.વી. ફુટેજ પોતાના મમ્મી અને પપ્પાને બતાવ્યા ત્યાર પછી પોતાના મમ્મીએ પોલીસ સ્ટેશનમાં કંમ્પલેઇન કરી ત્યારપછી રાત્રે પોલીસ પોતાના ઘરે પુછતાસ કરવા આવી હતી અને પોતે પોલીસને બનાવ બાબતે જણાવેલ અને પોતે પોતાના પપ્પાને બનાવની વાત કરેલી અને પોતે નિ.૨૮/૨ ના એનેક્ષર–એ ના પેજ નં.૧ થી૬ પૈકી પ્રથમ પાનામાં બે ફોટા છે તેમાંથી બીજા ફોટામાં જોઇને કહે છે કે તે અજય એટલે કાકા છે જે ફોટોને આંકે પાડવા આરોપી તરફે વાંધો છે તેને ટેન્ટીવલી આંક–૪૫ આપવામાં આવે છે તેમજ નિ.૨૮/૨ના એનેક્ષર–એ માં પાનામાં ૧ થી ૬ ફોટા પૈકી બીજા પાનાના પ્રથમ ફોટામાં તે જ કાકા અજય હોવાનું જણાવે છે અને આ ફોટાને ટેન્ટીવલી

આંક–૪૬ આપવામાં આવે છે તેમજ નિ.૨૮/૨ના એનેક્ષર–એના પેજ નં.૧ થી ૬ ના બીજા પાનાના બીજા ફોટામાં અજય કાકા હોવાનું જણાવે છે તેને ટેન્ટીવલી આંક–૪૭ આપવામાં આવે છે તેમજ નિ.૨૮/૨ ના એનેક્ષર–એના પાના નં.૧ થી ૬ના ત્રીજાના પ્રથમ ફોટામાં તથા બીજા ફોટામાં અજય કાકા હોવાનું જણાવે છે અને તે ફોટાઓને અનુક્રમે ટેન્ટીવલી આંક–૪૮,૪૯ આપવામાં આવે છે તેમજ નિ.૨૮/૨ ના એનેક્ષર–એના પાના નં.૧ થી ૬ના ચોથાના પાનાના બીજા ફોટામાં અને પાંચમાના પ્રથમ ફોટામાં અજય કાકા હોવાનું જણાવે છે અને તે ફોટાઓને અનુક્રમે ટેન્ટીવલી આંક–૫૦, ૫૧ આપવામાં આવે છે તેમજ નિ.૨૮/૨ ના એનેક્ષર–એના પાના નં.૧ થી ૬ના પાંચમા પાનાના બીજા ફોટામાં તથા છઠ્ઠા પાનાના પ્રથમ ફોટામાં તથા છઠ્ઠા પાનાના બીજા ફોટામાં પોતે હોવાનું જણાવે છે અને તે ફોટાઓને અનુક્રમે ટેન્ટીવલી આંક–૫૨,૫૩ અને ૫૪ આપવામાં આવે છે તેમજ નિ.૨૮/૨ ના એનેક્ષર–એના પાના નં.૧ થી ૬ના પ્રથમ પાનાના પ્રથમ ફોટામાં જ્યાં પોતાનો બનાવ બનેલો તે જગ્યાનો ફોટો હોવાનું જણાવે છે અને તે ફોટાને ટેન્ટીવલી આંક–૫૫ આપવામાં આવે છે તેમજ આ સાહેદ આંક–૪૫ થી ૪૭માં અજયકાકા સાથે બીજો ફોટો પોતાનો હોવાનું જણાવે છે અને બનાવના દિવસે પોતે લાંબી બાયની ઑરેન્જ કલરની ટીશર્ટ અને બ્લેક કલરની નીચે કેપરી પહેરેલ હતી અને પોતાને હોસ્પીટલે લઇ ગયેલ નથી કે મેજીસ્ટ્રેટ સાહેબ પાસે નિવેદન આપવા માટે લઇ ગયેલ નથી અને પોતાના કપડા પોલીસે કબજે કરેલ નથી અને પોતે સાયકલ લઇને ગયેલ હતી તે પોતે દુકાનની આગળ પાર્ક કરી હતી અને પોતે જે દુકાને ગયા હતા તે દુકાન ઝેરોક્ષની હતી અને પોતે દુકાને ગઇ ત્યાં થોડીવાર પછી આરોપી ત્યાં આવેલો અને પોતે જે દુકાન ગઇ તે દુકાનવાળા ભાઇનું નામ કેનીલ હતું.

૧૪.૧. આ ભોગબનનારની આરોપી તરફે વિ.વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે અને તેમાં ભોગબનનાર કબુલ કરે છે કે, પોતાના ઘરથી કેનીલની દુકાન થોડી દુર આવેલ છે અને કેનીલભાઇની દુકાનની

આજુબાજુ બીજી દુકાનો આવેલી છે. કેનીલભાઈની દુકાનની આજુબાજુ બીજા મકાનો આવેલ હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, કેનીલભાઈની દુકાન ગામના પાદરે આવેલી છે અને કેનીલભાઈની દુકાન આજુબાજુમાં અને પાદરમાં ઘણા બધા માણસો હોય અને વસ્તીવાળો વિસ્તાર છે. પોલીસ પોતાના ઘરે આવી અને પોતાના મમ્મી પપ્પાને પુછપરછ કરેલી અને પોતાની પુછપરછ કરેલ ન હોવાનો ઈન્કાર કરે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મમ્મી પપ્પાને પુછેલ નથી પોતાને પુછેલ છે. મમ્મી પપ્પા સાથે પોતાને પોલીસ સ્ટેશન જવાનું બનેલ ન હોવા બાબતે ઈન્કાર કર છે. સાહેદ કબુલ કરે છે કે,મમ્મી પપ્પા સાથે પોતાને ગ્રામ પંચાયતે જવાનું બનેલ નથી. પોતે કહે છે તેવો કોઈ બનાવ બનેલો ન હોવાનો ઈન્કાર કરે છે.

૧૫. પ્રોસીકયુશન તરફે આંક–૬૦ થી સાહેદ નં.૭ તરીકે ભોગબનનારના પિતાનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતે પોતાના ઘર પરીવાર સાથે રહે છે અને પોતાને બે છોકરી અને એક છોકરો છે અને પોતે બધા સંયુકત કુટુંબમાં રહે છે અને ભોગબનનાર પોતાની દિકરી થાય છે અને ભોગબનનાર ઘરેથી સાયકલ લઈને નીકળેલ હતી ઝેરોક્ષ કોપી કઢાવવા માટે કેવીનભાઈની દુકાને ગયેલી હતી ત્યારે દુકાન બંધ હતી અને પોતાની દિકરી ત્યાં બેસેલી હતી ત્યારે ત્યાં એક ઈસમ પાછળથી આવીને પોતાની ભોગબનનાર દિકરી સાથે વાતચીત કરતો હતો અને પોતાની ભોગબનનાર દિકરીને ચોકલેટ આપીને પટાવીને દુકાનની પાછળ લઈ ગયેલ હતો તે ઈસમ ભોગબનનારનું મોઢું પકડીને પપ્પી કરવા જતા ભોગબનનારે ચીસ પાડેલી અને રડવા લાગેલી તે છોકરાએ તેને ધમકી આપીને કહેલ કે જો તુ આ વાત કોઈને કહીશ તો હુ તને મારી નાખીશ અને પોતાની ભોગબનનાર દિકરીએ આ બનાવની હકીકત પોતાને ઘરે આવીને જણાવેલી અને પોતે કામ અર્થે બહાર ગયા હતા અને પોતાની પત્નીનો ફોન આવેલો હતો ત્યારે પોતે ઘરે આવેલા અને પોતાની ભોગબનનાર દિકરીએ પોતાને હકીકત જણાવેલી. આ સાહેદનો વધુ પુરાવો જોતાં આ સાહેદ જણાવે છે કે,

'' ત્યારબાદ અમો ગામમાં ગ્રામ પંચાયતમાં સી.સી.ટી.વી. કેમેરા જોવા માટે ગયા હતા અને મારી ભોગબનનાર દિકરી સાથે જે બનાવ બન્યો હતો તે છોકરાની તપાસ કરવા માટે ગયા હતા ત્યા અમને જાણવા મળેલ કે આ છોકરો થોડા થોડા દિવસે કપડા વેચવા માટે આવતો હતો તેવુ જાણવા મળેલ. તે સમયે તે છોકરો ભાગી ગયેલો હોવાથી મળેલો નહી જેથી અમે પોલીસ સ્ટેશન ગયા હતા. હું અને મારા મોટા ભાઈ બંને ગયા હતા. મને આંક–૧૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઇને કહું છું કે તે મારી પત્નીની સહી છે અને તે અમારી સાથે હતી. હું આરોપીને નામથી અને જોયેથી ઓળખું છું. મે સી.સી.ટી.વી. ફુટેજ જોયેલ છે''. આ સાહેદના પુરાવામાં આરોપી તરફે ઓળખની તકરાર નથી તેવું વિ.વકીલશ્રીએ જણાવેલ અને આરોપીની હાજરીમાંથી મુકિતનો રીપોર્ટ આપેલ. આ સાહેદ તેના પુરાવામાં આંક–પપનો ફોટો જોઇને કહે છે કે, તે ફોટામાં પોતાના ગામનું શોપીંગ આવેલ છે અને બાકડા અને દુકાનો આવેલી છે તેમજ આંક–૪પના ફોટામાં પોતાની બેબી દુકાન પાસે બેસેલી છે અને આરોપી દુકાનમાં દાદર ચઢીને ભોગબનનાર દિકરી પાસે આવતો દેખાય છે અને આંક–૪૬ના ફોટામાં શોપીંગ સેન્ટરની દુકાનની પાળી ઉપર ભોગબનનાર બેઠી છે અને બાજુમાં આરોપી બેઠો છે અને આંક–૪૭ના ફોટામાં ભોગબનનાર દિકરી સાથે આરોપી બેઠો છે તે નજીકથી દેખાય છે અને તે ભોગબનનારને બીવડાવતો દેખાય છે, આંક–૪૮ અને ૪૯ના ફોટામાં શોપીંગ સેન્ટરની દુકાનની પાળી ઉપર આરોપી બેઠો છે અને આંક–૫૦ના ફોટામાં તેમાં ઉપરના ફોટામાં શોપીંગની દુકાનનો ફોટો છે અને નીચેના ફોટામાં દુકાનની બાજુમા રસ્તો છે તેની બાજુમાં મંદિર માં જવાનો રસ્તો છે ત્યાં આરોપી છુપી રીતે જતો દેખાય છે અને આંક–પ૧ના ફોટામાં ફોટો શોપીંગ સેન્ટરનો છે અને શોપીંગની આગળ બાંકડાનો છે, આંક–પરનો ફોટો શોપીંગ સેન્ટરમાં જતો દેખાય છે અને ભોગબનનાર પાછળ રડતી હોય તેવો દેખાય છે તેમજ આંક–પ૩નો ફોટો જોઇને કહે છે કે ભોગબનનાર શોપીંગ સેન્ટરમાં ઉભેલી દેખાય છે તેમજ આંક–પ૪ નો ફોટો જોઇને કહે છે કે ભોગબનનાર

રડતી દેખાય છે. આ સાહેદના પુરાવા વખતે આરોપીના વિ.વકીલશ્રી જણાવે છે કે, આરોપીની ઓળખની તકરાર નથી.

૧૫.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે, તેમાં સાહેદ જણાવે છે કે, પોતે એફ.વાય.બી. એ સુધી અભ્યાસ કરેલ છે. સાહેદ કબુલ કરે છે કે, બનાવના દિવસે પોતે દુધના ધંધા અર્થે બહાર નીકળેલો હતો. બનાવની જાણ પોતાની પત્ની ધ્વારા થયેલી. બનાવની જાણ પોલીસને એક દિવસ મોડી કરેલી હોવાનો કે ફરીયાદ પોતે અને પોતાના ભાઇએ લખાવેલ અને પોતાની પત્નીની ફકત સહી લીધેલી હોવાનો કે પોલીસ પોતાને કયાંય લઇ ગયેલ ન હોવાનો ઈન્કાર કરે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસ પોતાને ધોળી કુઇ આરોપીને શોધવા માટે સાથે લઇ ગયેલી. આરોપી ચોકલેટ આપીને પોતાની ભોગબનનાર દિકરીને પટાવી લઇ ગયાનું પોતે નિવેદનમાં લખાવેલ ન હોવાનો ઈન્કાર કરે છે. સાહેદ કબુલ કરે છે કે, પોતે જે ફોટા સરતપાસમાં જણાવેલ છે તે પોતે અગાઉ જોયેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સી.સી.ટી.વી. ફુટેજ કઢાવ્યા ત્યારે તે સી.સી.ટી.વી. ફુટેજ જોયેલા. કબુલ કરે છે કે, પોતે પોલીસ સાથે કોઇ કચેરીમાં જવાનો પ્રસંગ બનેલો નથી. આવો કોઈ બનાવ બનેલ ન હોવાનો ઈન્કાર કરે છે.

૧૬. પ્રોસીકયુશન તરફે આંક-૬૧ થી સાહેદ નં.૮ તરીકે રવિરાજ ઉર્ફે કેનીલ રાજેન્દ્રિસિંહ પરમારનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, હાલમાં પોતે શુકલતીર્થ મુકામે રહીને પોતાનો વેપાર કરે છે અને પોતે ગુરૂદત્ત ફોટો સ્ટુડીયો એન્ડ ઝેરોક્ષની પોતાની દુકાન ધરાવે છે અને પોતે પોતાની પત્ની તથા બાળકો સાથે રહે છે અને પોતે શુકલતીર્થ ગ્રામ પંચાયતમાં દશ સાડા દશ વાગે હતો ત્યારે ગામના કોઇ ઇસમો આવેલા અને પોતાને જણાવેલ કે પાદરમા એક છોકરી તથા તેની માતાને શુકલતીર્થ ગામમાં રહેતા હોવાથી પોતે જાણે છે અને તેમનું નામ પોતાને ખબર નથી ફકત જોયે ઓળખે છે અને તે છોકરીનું નામ પોતાને જાણવા મળેલ હતુ અને ગામના ઇસમો આવેલા

અને સીસીટીવી જોવા માંગેલા ત્યારે પોતે પુછેલ કે કેમ જોવા છે એટલે તેઓએ કહેલ કે ભોગબનનારની કોઇએ છેડતી કરેલી છે એટલે સીસીટીવી જોવા છે અને પોલીસે પોતાની પાસેથી પેન ડ્રાઇવમાં સીસીટીવી કુટેજ લઇ ગયેલી, તે પેનડ્રાઇવ કઇ કંપનીની હતી તે પોતાને ખબર નથી અને પોતાને પોલીસે ૬૫(બી) નું સર્ટીફીકેટ આપેલુ અને પોતે તેમાં સહી કરેલી હતી જે પ્રમાણપત્ર પોતે જોઇને કહે છે કે તે તેજ છે અને તે સર્ટીફીકેટમાં શું લખેલું છે તેની પોતાને જાણ છે. સાહેદ આંક-૬૭ ની પેનડ્રાઇવ લેપટોપમાં ખોલીને જોઇને જણાવે છે કે તા.૨૨/૦૩/૨૦૨૧ કલાક ૧૧.૦૨ થી ૧૧.૩૫ની છે જે પેનડ્રાઇવમાં કલાક ૧૧:૧૭:૧૫ના સમયનો વિડીયો ઝુમ કરીને જોઇને કહે છે કે, તેમાં ભોગબનનાર દિકરી છે અને તેમાં એક અજાણ્યો ઇસમ તેને લઇને બેઠો છે અને તે સ્પષ્ટ જોઇ શકાય તેમ છે અને કુટેજ પોતાની દુકાનની સામે આવેલ પંચાયતના કેમેરામાંથી લેવામાં આવેલ છે જે બદલ નિ.૨૮/૧ વાળુ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી)iv(સી) વાળુ પ્રમાણપત્રમાં આપવામાં આવેલ છે જે પ્રમાણપત્રમાં પોતાની સહી છે અને તે પ્રમાણપત્રમાં સી.સી.ટી.વી. કુટેજમાં કોઇ પણ જાતના સુધારા વધારા કે છેડછાડ થયેલી નથી જે બદલના સર્ટીફીકેટ આપેલ છે જે સર્ટીફીકેટ પોતે ઓળખી બતાવી આંક-૯૭ થી રજુ કરે છે. પોતે આંક-૬૯ વાળી સી.ડી.જોઇને કહે છે કે તે સીડીમાં પેનડ્રાઇવમાં લીધેલા મુળ વીડીયો કુટેજ છે અને પોતે આંક-૪૪ થી આંક-૫૪ વાળા કલર ફોટા જોઇને કહે છે કે તેમાં ભોગબનનાર દિકરી અને એક અજાણ્યા ઇસમ બેઠા છે તે તેજ છે અને આંક-૬૭ ની પેનડ્રાઇવ અને આંક-૬૯ વાળી સી.ડી.માં વિડીયોમાં જે વ્યકિત દેખાય છે તે આરોપીનું નામ પોતાને ખબર નથી તેમ જણાવે છે અને આંક-૬૭ની પેનડ્રાઇવ અને આંક-૬૯ ની સી.ડી.માં જે પુરૂષ વ્યકિત છે તે વ્યકિત કોર્ટમાં છે કે કેમ તે પોતે જોઇને જણાવે છે કે નથી આ સાહેદની જુબાનીમાં વિ.વકીલશ્રીએ જણાવેલ કે આરોપી કોર્ટમાં હાજર છે અને આ કામ ઇન કેમેરા છે ત્યારબાદ સાહેદને ચાર્જશીટના રેકર્ડમાંથી એક ફોટો

પ્રમાણપત્ર બતાવવામાં આવે છે અને પુછવામાં આવે છે કે તે વ્યકિતને ઓળખો છો તે કોર્ટમાં હાજર છે તેના જવાબમાં સાહેદ ના પાડે છે અને જુબાનીમાં નોંધ કરવામાં આવેલ છે કે, આરોપી કોર્ટમાં હાજર છે.

૧૬.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે તેમાં સાહેદ કબુલ કરે છે કે,પોલીસ પોતાની પાસે કોઇ પણ જાતની પેનડ્રાઇવ કે સી.ડી. લેવા આવેલ નથી કે પોતે કોઇ પણ જાતનું સર્ટીફીકેટ આપેલ નથી અને પોલીસે પોતાને સહી કરવાનું જણાવેલ હતુ અને પોતે સહી કરેલી તેમાં શું પ્રકારનું લખાણ લખેલુ હતુ તેની પોતાને કોઇ જાત માહિતી નથી અને પોલીસે પોતાની કોઇ પુછપરછ કરેલી નથી અને પોતે પોલીસને કાંઇ જણાવેલ નથી.

૧૭. પ્રોસીકયુશન તરફે આંક-૬૨ થી સાહેદ નં.૯ તરીકે શૈલેશકુમાર જગજીવનદાસ મિસ્ત્રીનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, તે એફ.એસ.એલ. સુરતના નિવૃત્ત આસીસ્ટન્ટ ડાયરેકટર છે અને પોતે હાલમાં નિવૃત્ત થયાનું જણાવે છે અને પોતે તા.૨૫/૦૩/૨૦૨૧ ના રોજ નબીપુર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૩૮૨૧૦૧૬૬/૨૦૨૧ના કામે એક સીલ બંધ પાર્સલ માર્ક-એ પરીક્ષણ અર્થે મળેલ તે પાર્સલ માર્ક-એ લીલા કલરના કવરનું સીલ બંધ પાર્સલ જેમાં એક પેન ડ્રાઇવ અને એક ડીવીડીઆર હતી જેને અનુક્રમે નમુનો-એ અને નમુનો-એ ૧ હતા, નમુનો-એ પેનડ્રાઇવ જે એચ.પી. મેકની અને ૧૬ જીબી ની હતી, નમુનો-એ ૧ ડીવીઆર જે માસ્ટર મેકની અને ૪.૭ જીબીની હતી. સાહેદ પોતે કરેલ પરીક્ષણ બાબતે જણાવે છે કે, નમુના-એ ની પેનડ્રાઇવ અને નમુના એ-૧ ડીવીઆરનું ઓર્થોરાઇઝ કોમ્પ્યુટર ફોરેન્સીક સોફટવેર અને હાર્ડવેરની મદદથી પરીક્ષણ કરવામાં આવ્યુ અને નમુના-એ ની પેનડ્રાઇવ અને નમુના-એ ૧ ડીવીડીઆરમાં એક CAMERA-01 નુ ફોલ્ડર જેમા એક એમપી ફોર ફોરમેટની વિડીયો ફાઇલ હતી જેનુ નામ '' ch01_ 20210322110210'' હતુ સદર વિડીયો ફાઇલને એડીશન ઓલ્ટરેશન તેમજ તેમાંથી ફોટોગ્રાફસ

કાઢવામાં આવ્યા તેવું જણાવે છે. આ સાહેદનો વધુ પુરાવો જોતાં, સાહેદએ કરેલ પરીક્ષણના પરીણામ બાબતે સાહેદ જણાવે છે કે, નમુના–એ ની પેનડ્રાઇવ અને નમુના–એ ૧ ડીવીડીઆરમાં રહેલ વિડીયો ફાઇલ ''ch01_ 20210322110210'' માં શરૂઆતથી અંત સુધીમાં કોઇપણ પ્રકારનું એડીશન અલ્ટરેશન જોવા મળેલ નથી અને પોલીસ રવાનગી નોંધમાં માંગેલ સમય દરમ્યાનમાં વિડીયોમાંથી કુલ–૬ ઇમેજ કાઢી તેને એનહાન્સ કરી એનેક્ષર–એ (પેજ નં.૧ થી ૦૬) અહેવાલ સાથે આપવામાં આવેલ અને અહેવાલ સાથે પુરાવા કાયદાની કલમ ૬૫(બી)(૪)(સી)નું પ્રમાણપત્ર પણ આપવામાં આવેલ. આ સાહેદનો વધુ પુરાવો જોતાં, એફ.એસ.એલ.ના ડેપ્યુટી ડાયરેકટરે ભરૂચ શહેર સી– ડીવીઝન પો.સ્ટે. ધ્વારા પી.આઇ.શ્રીને લખેલ રવાનગી પત્ર રજુ છે અને તેમાં ડેપ્યુટી ડાયરેકટરની સહી છે અને પોતે ઓળખી છે અને તે સહી ડી.બી.પટેલ સાહેબની છે તેમ જણાવી આંક–૬૩ થી રજુ કરે છે અને પોતે જે એકઝામીનેશન રીપોર્ આપેલ તે આંક–૬૪ થી રજુ કરે છે અને તેની સાથે RFSL/EE/2021/DF/181 એનેક્ષર–એ પેજ નં.૧ થી ૬ સાથેના જોડેલ ફોટાઓ આ સાથે આંક–૬૫ થી રજુ કરે છે અને તેમાં રજુ થયેલ ફોટા આંક–૪૬ થી આંક–૫૪ સુધીના તમામ ફોટામાં પોતાની સહી તથા હોદાના સીકકાનું નિશાન હોવાનું જણાવે છે અને પોતે પુરાવા કાયદાની કલમ–૬૫(બી)(૪)(સી)નું પ્રમાણપત્ર આપેલ છે જેમાં પોતાની સહી તથા હોદાના સીકકાનું નિશાન છે જે આંક–૬૬ થી રજુ કરે છે.આ સાહેદ મુદામાલ આર્ટીકલ નં.૧ જે સીલબંધ છે તે ખોલીને જોઇને કહે છે કે તેમાં એક પેનડ્રાઇવ નીકળેલ છે અને એફ.એસ.એલ.ની સ્લીપ નીકળેલ છે જે સ્લીપમાં પોતાની સહી હોવાનું જણાવી આંક–૬૭ થી રજુ કરે છે અને પેનડ્રાઇવ આંક–૬૮ થી રજુ કરે છે આ સાહેદ મુદામાલ આર્ટીકલ નં.૧ વાળી પેનડ્રાઇવ લેપટોપમાં જોઇ જણાવે છે કે, પોતે પરીક્ષણ કરેલ તે જ વિડીયો '' ch01_ 20210322110210'' હોવાનું જણાવે છે અને પોતે મુદામાલ આર્ટીકલ નં.૨ ખોલીને જોઇને તેમાંથી એક ડિવીડી નીકળેલ

અને એક એફ.એસ.એલ.ની સ્લીપ નીકળેલ છે અને તે એફ.એસ.એલ. સ્લીપમાં પોતાની સહી હોવાનું જણાવે છે અને આંક–૬૯ થી રજુ કરે છે અને ડીવીડી આંક–૭૦ થી રજુ કરે છે અને તે મુદામાલ આર્ટીકલ નં.૨ વાળી ડીવીડી લેપટોપમાં ખોલીને જોઇને કહે છે કે તે પોતે પરીક્ષણ કરેલ તે જ વિડીયો ''ch01_ 20210322110210'' છે.

૧૭.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે અને તેમાં પોતે ૨૦૨૨ થી ૨૦૨૩ સુધી સાયન્ટીફીક ઓફીસર તરીકે પોતાની ફરજ બજાવતા હતા. કબુલ કરે છે કે, પોતે ડીવીઆર અને પેનડ્રાઇવમાં રહેલ વિડીયોનું રીઝોલ્યુશન અહેવાલમાં જણાવેલ નથી અને આ કયા કેમેરામાંથી ડીવીડીઆર અને પેનડ્રાઇવ વિડીયો લેવામાં આવેલ તેની પોતાને જાણ નથી અને પેનડ્રાઇવમાં એડીટ થઇ શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ કામની પેનડ્રાઇવમાં કોઇ એડીટીંગ નથી. ડીવીડીઆર અને પેનડ્રાઇવની પોતે કોઇ કામગીરી કરેલ ન હોવાનો કે સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઇન્કાર કરે છે. કબુલ કરે છે કે, પેનડ્રાઇવમાં હેઝ વેલ્યુ જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, હેઝ વેલ્યુ પોતાના રેકર્ડ મુજબ MD5 f1c322f47e11ce199d2bdc5375b77c5f છે જે પોતે પોતાનું રેકર્ડ જોઇને જણાવે છે.

૧૮. પ્રોસીકયુશન તરફે આંક–૭૨ થી સાહેદ નં.૧૦ તરીકે વિશ્વાંગ જીતેન્દ્રભાઇ નિઝામાનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતે આરતી ઇન્ડસ્ટ્રીઝ ઝઘડીયા ખાતે ફરજ બજાવે છે. પોતાને શુકલતીર્થ ખાતેથી નબીપુર પોલીસ સ્ટેશનમાં બોલાવેલા હતા અને શુકલતીર્થ ગ્રામ પંચાયતમાં સીસીટીવી કેમેરા કુટેજ ચેક કરવા માટે બોલાવેલા હતા અને પોતાની સાથે બીજા પંચ તરીકે સુહાગકુમાર નિઝામા હતા અને આ સાહેદનો વધુ પુરાવો જોતાં જણાવે છે કે, '' અમોને સીસીટીવી કુટેજ શુકલતીર્થ ગ્રામપંચાયતમાં બતાવેલ હતા ત્યાં છોકરાએ આર્મી કલરની ટી શર્ટ પહેરેલ હતી અને બ્લેક કલરની પેન્ટ

પહેરેલ હતી. પોલીસે કેમેરા ચેક કરેલ ત્યાંથી પંચાયતે જઇને સીસીટીવી ફુટેજ પેન ડ્રાઇવમાં લીધેલા અને મને પંચનામું માર્ક–૬/૭ બતાવવામાં આવે છે અને તેમાં પંચ નં.ર તરીકે મારી સહી છે અને પંચ નં.ર તરીકે સુહાગભાઇની સહી છે અને પંચનામું મારી હાજરીમાં લખાયેલું''. આ સાહેદનો વધુ પુરાવો જોતાં તે આંક–૭૩ થી પંચનામું રજુ કરે છે અને વધુ પુરાવો જોતાં આ સાહેદને એક પેનડ્રાઇવ આંક–૬૭ વાળી લેપટોપમાં ચાલુ કરીને બતાવવામાં આવે છે અને તેમાં એક વિડીયો છે તે જોઇને કહે છે કે તે વિડીયો ફુટેજ પોલીસે પોતાની હાજરીમાં કબજે કરેલ અને તેમાં જે આરોપી છે તેને પોતે જોઇને ઓળખે છે. આ સાહેદની જુબાનીમાં આરોપીના વિ.વકીલશ્રીએ આરોપીની ઓળખની તકરાર નથી તેમ જણાવેલ અને આરોપીનો હાજરીમાંથી મુકિતનો રીપોર્ટ આપેલ હોવાનું જણાવે છે. આ સાહેદનો વધુ પુરાવો જોતાં આ સાહેદને આંક–૬૭ વાળી પેનડ્રાઇવના કવર ઉપર પંચ નં.ર તરીકે પોતાની સહી છે અને પંચ નં.૧ તરીકે સુહાગભાઇની સહી છે અને તે આંક–૭૪ થી રજુ છે.

૧૮.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે અને તેમાં પોતે સને ર૦૧૯થી નોકરી કરતા હોવાનું જણાવે છે. કબુલ કરે છે કે, પંચનામામાં પોતે ખેતી કરે છે તેવું લખાવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોતે ખેતી પણ કરે છે અને જોબ પણ કરે છે. કબુલ કરે છે કે, આ કામના ફરીયાદી અને તેમના પરીવારને પોતે સારી રીતે ઓળખે છે અને પોતે શુકલતીર્થ કાયમી રહેતા હોય જેથી ગુનાવાળી જગ્યાની પોતાને પહેલેથી જાણ છે. પોલીસે પોતાની પાસે તૈયાર કાગળ ઉપર સહી લીધેલાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, આ ગુનાના કામે પોતે પો.સ્ટે. એક જ વાર જવાનું થયેલ હોવાનું અને ગુનાના કામે પોલીસને એક જ વાર મળવાનું થયેલ. ફરીયાદીએ પંચમાં રહેવાનું પોતાને જણાવેલ. ફરીયાદી પોતાના સગા થતા હોવાનો અને પોતે તેથી ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરે છે.

૧૯. પ્રોસીક્યુશન તરફે આંક–૯૯ થી સાહેદ નં.૧૧ તરીકે તપાસ કરનાર અધિકારી ભદ્રેશભાઇ મનુભાઇ રાઠવાનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, સાહેદ પોતે તા.૨૫/૦૩/૨૦૨૧ના રોજ ભરૂચ સી.પી.આઇ. તરીકે ફરજમાં હતા તે દરમ્યાન નબીપુર પો.સ.ઇ.શ્રી એસ.વી.ચુડાસમાનાઓએ પોતાને ટેલીફોનીક જાણ કરેલ કે શુકલતીર્થ ગામના ફરીયાદીશ્રીએ ફરીયાદ આપેલ કે ભોગબનનાર દિકરી ઉ.વ.૭ નાની ધોરણ ૧ માં અભ્યાસ કરતી હોય તે તા.૨૨/૦૩/૨૦૨૧ના કલાક:૧૧:૧૫ વાગ્યાના સુમારે તેનું ઓનલાઇન હોમવર્ક ચાલતુ હોય હોમવર્કના પેપર શુકલતીર્થ ગામમાં આવેલ કેનીલભાઇ ઝેરોક્ષાળાને વોટસએપથી મોકલી આપેલ હતા જેની નકલ લેવા માટે ભોગબનનાર સાયકલ લઇ ગામના કેનીલભાઇની દુકાને ગયેલ હતી તે દરમ્યાન દુકાન બંધ હોય ભોગબનનાર ઓટલા ઉપર બેસેલ હતી તે દરમ્યાન આરોપી અજય વાઘરી પોટલુ લઇ ભોગબનનાર પાસે આવેલ અને આરોપીએ ભોગબનનારનું નામ, ઠામા પુછેલ અને શેમા ભણે છે તેમ પુછેલ અને આરોપી ભોગબનનારની બાજુમાં બેસી ગયો અને ભોગબનનારને જણાવેલ કે પાછળ મંદિર આવેલુ છે તે મંદિર તુ મને બતાવવા લઇ જઇશ ત્યારે ભોગબનનારે આરોપીને હા પાડેલ અને આરોપી ભોગબનનારને દુકાનની પાછળ લોખંડનો દરવાજો ખોલી આરોપી અજય વાઘરી બાજુના ટેરેસ પર જવાના દાદર ઉપર ભોગબનનારને લઇ ગયેલ અને અધવચ્ચે ભોગબનનારને બાથ ભરી, મોઢુ પકડી પપ્પી કરવા જતા દિકરી બુમાબુમ કરતા આરોપીએ એકદમ ભોગબનનારને છોડીને જતો હતો અને જતા જતા આરોપીએ ભોગબનનારને આ વાત કોઇને કરી છે તો તને જાનથી મારી નાખીશ એમ કહી ભાગી ગયેલો અને ભોગબનનારે રડતા રડતા ઘરે જઇ તેની માતાને આ બાબતની સમગ્ર હકીકત જણાવતા તેઓએ નબીપુર પો.સ્ટે.માં આરોપી અજય વાઘરી વિરૂધ્ધ આઇ.પી.સી. ૩૬૩,૩૫૪(એ),૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૧૨ મુજબની ફરીયાદ આપતા આ ગુનાની પોતાની જાત તપાસ થતી હોય

પોતે સ્પેશીયલ રીપોર્ટથી યાદી લખી ગુનાની તપાસ સંભાળી લેવા જાણ કરતા પોતે આ ગુનાની તપાસ સંભાળી લીધેલ અને પોતે નબીપુરના વુ.પો.કો. હસીનાબાનુને સાથે રાખી ફરીયાદીના ઘરે જઇ ભોગબનનાર દિકરી તથા તેની માતાને સાથે રાખી સવાલ જવાબ કરી પુછપરછ કરતા તેણે ઉપરોકત વિગત પોતાને જણાવેલ અને આ બાબતે તેઓના સગા સંબંધીના જરૂરી નિવેદનો લેવામાં આવેલ તેમજ બનાવવાળી જગ્યાએ દિકરીને સાથે રાખી ગ્રામ પંચાયતના કેમેરામાં જે–તે દિવસે બનાવ બનેલ તે બતાવતા દિકરીએ ઓટલા પર પોતે બેસેલ અને તેની બાજુમાં આવીને બેસેલ આરોપીને ઓળખી બતાવેલ હતો અને આ બાબતે પોતે બે પંચો રૂબરૂ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ તેમજ ઝેરોક્ષની દુકાનવાળા કેનીલભાઇ ફોટો સ્ટુડીયોનું પણ કામ કરતા હોય તેમજ ગ્રામ પંચાયતમાં લગાવેલ કેમેરાનું ઓપરેટીંગ કામ પણ તેઓ કરતા હોય દિકરીએ ઓળખી બતાવેલ અને આરોપીના કેમેરામાં આવેલ ફોટા કઢાવી તેની આજુબાજુમાં શુકલતીર્થ વિસ્તારમાં ઓટો રીક્ષાવાળા તેમજ વાહનોની અવર જવરવાળા ઇસમોને બતાવી પુછપરછ કરેલ અને જાણવા મળેલ કે અજય વાઘરી તથા તેના બીજા સગા સંબંધીઓ આ વિસ્તારમાં જુના કપડા લેવા તથા વેચવા તેમજ આજુબાજુના ગામોમાં પણ ઉઘરાવવા જતા હોય અને તે બાબતે નબીપુર પી.એસ.આઇ.ને આરોપી અંગે માહિતી મેળવવા જાણ કરેલી તેમજ ગામના સી.સી.ટી.વી. કેમેરામાં ફુટેજ મેળવવા સરપંચશ્રી શુકલતીર્થનાઓને યાદી પાઠવેલી તેમજ દિકરીના જાતી પ્રમાણપત્ર મેળવવા ગ્રામ પંચાયતને યાદી પાઠવેલ હતી. વધુ પુરાવો જોતાં ત્યારબાદ આરોપી બાબતે પો.સ.ઇ.શ્રીએ ટીમ પાડી આરોપીને શોધી કાઢવા માટે પ્રયત્નો કરેલ અને આરોપી ભરૂચ એસ.ટી.ડેપો પાછળ આવેલ ઝુંપડપટ્ટીમાં રહેતો હોવાનું જાણવા મળતા ટીમના માણસોએ ફોટામાં જણાવેલ આરોપી અજય રાજુભાઇ વાઘરી ત્યાં હોવાનું જાણવા મળતા તેઓએ ટીમ સાથે કોર્ડન કરી આરોપીને પકડી લાવી પુછપરછ કરતા સદર આરોપીએ ગુનો કરેલ હોવાનું એકરાર કરતો હોય જેને નબીપુર પો.સ્ટે. ખાતે કોવીડ–૧૯

કોરોના ટેસ્ટ માટે મોકલવા માટે તજવીજ હાથ ધરેલ તેમજ તેનુ વિગતવારનું નિવેદન લેવામાં આવેલ બાદ આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય તેનું શરીરસ્થીતીનું બે પંચો રૂબરૂ પંચનામું કરી અટક કરવાની તજવીજ કરેલ અને અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા તજવીજ કરેલ તેમજ ઉપરી અધિકારીઓને વાયરલેસ મેસેજથી જાણ કરેલ તેમજ આરોપીને મુદત અંદર કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવાની તજવીજ કરેલ હતી ત્યારબાદ શુકલતીર્થ ગ્રામ પંચાયતથી સી.સી.ટી.વી. ફુટેજ મેળવવાના હોય બે પંચો રૂબરૂ વિગતવારનું પંચનામું કરી પેનડ્રાઇવમાં તેમજ સી.ડી.માં મેળવવા તજવીજ કરેલ અને સી.સી.ટી.વી. ફુટેજ કેનીલભાઇ કે જેઓ કોમ્પ્યુટરનું કામ કરતા હોય તેઓએ કાઢી આપેલ હોય તેઓની પાસેથી ૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર મેળવેલ અને કામમાં સામેલ રાખેલ અને મેળવેલ મુદામાલની નબીપુર પો.સ્ટે.મા મુદામાલ પાવતી ફાડવામાં આવેલ અને દિકરીના જન્મનો દાખલ પણ  ગ્રામ પંચાયતમાંથી મેળવેલ હતો તે પોતે સામેલ રાખેલ અને મેળવેલ મુદામાલ સુરત એફ.એસ.એલ.ને મોકલવા પોતે તજવીજ કરેલ અને આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ અને આરોપી કોર્ટમાં હાજર હોય પોતે આરોપીને જોઇને અને નામથી ઓળખી બતાવે છે અને આરોપીનું નામ અજયભાઇ રાજુભાઇ વાઘરી હોવાનું જણાવે છે અને સાહેદનો વધુ પુરાવો જોતાં, આંક-૭૫ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું બે પંચો રૂબરૂ કરવામાં આવેલ તેમાં બે પંચોની તથા રૂબરૂપણામાં પોતાની સહી છે અને આંક-૭૩ થી સી.સી.ટી.વી. ફુટેજનું પંચનામું કરેલ જેમાં બે પંચોની તથા રૂબરૂપણામાં પોતાની સહી છે અને તપાસના કામે ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર આંક-૪૦ થી તથા આંક-૪૧ થી ભોગબનનારના જન્મના રજીસ્ટરના ઉતારાની નકલ રજુ હોવાનું જણાવે છે અને તપાસના કામે સી.સી.ટી.વી. ફુટેજ આપવા બાબતે શુકલતીર્થ ગ્રામ પંચાયતને પોતે યાદી કરેલ તે આંક-૧૦૦ થી રજુ કરે છે અને તપાસના કામે આંક-૯૭ થી રવીરાજસિંહ ઉર્ફે કેનીલભાઇ રાજેન્દ્રસિંહ પરમારનું કલમ-૬૫(બી)નું પ્રમાણપત્ર લેવામાં આવેલ

જે અસલ છે,તપાસના કામે પોતે મદદનીશ પોલીસ અધીક્ષકશ્રીને વાયરલેસ મેસેજ કરેલ તે વાયરલેસ મેસેજ અસલ છે અને તેમાં પોતાની સહી છે અને તે આંક–૧૦૧ થી રજુ કરે છે અને તપાસના કામે ભોગબનનાર બાલીકાનો જન્મનો દાખલો મેળવવા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર બી.પી.રાજીયા ધ્વારા ચીફ ઓફીસર નગરપાલીકા ભરૂચને યાદી કરેલ હતી જે યાદી અસલ છે અને તેમાં બી.પી.રજીયા સાહેબની સહી છે અને રીસીવ કર્યા બદલ ભરૂચ સેવા સદનના કલાર્કની સહી છે જે આંક–૧૦૨ થી રજુ છે અને ભોગબનનારના જાતીના દાખલામાં ભોગબનનારના પિતાનો જાતીનો દાખલો આંક–૧૦૩ થી રજુ કરે છે અને આંક–૬૮ વાળી પેનડ્રાઈવ લેપટોપમાં ચાલુ કરીને જોઈને કહે છે કે તે પેનડ્રાઈવ તે જ છે જે સી.સી.ટી.વી. કુટેજ પોતાના ધ્વારા મેળવવામાં આવેલ હતા તે આજ છે અને સમય ૧૧:૧૭:૧૯ વાગે ભોગબનનાર સાથે આરોપી અજય રાજુભાઈ વાઘરી બેઠેલો દેખાય છે અને આંક–૭૦ વાળી ડી.વી.ડી. લેપટોપ માં ચાલુ કરીને જોઈને કહે છે કે તે ડી.વી.ડી. તે જ સી.સી.ટી.વી. કુટેજ છે અને તે પોતાના ધ્વારા મેળવવામાં આવેલ હતા તે આ જ છે અને તેમાં ૧૧:૧૭:૧૯ વાગે ભોગબનનાર સાથે આરોપી અજય રાજુભાઈ વાઘરી બેઠેલો દેખાતો હોવાનું જણાવે છે અને પોતાના ધ્વારા ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન લેવડાવેલ નથી તથા ભોગબનનારનું મેડીકલ કરાવેલ નથી અને આરોપીનું મેડીકલ પણ પોતાના ધ્વારા કરાવવામાં આવેલ નથી.

૧૯.૧. આ સાહેદ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં સાહેદ કબુલ કરે છે કે, સી.સી.ટી.વી. કુટેજમાં ઘણા બધા લોકો બેઠેલા દેખાય છે અને કહેવાતા બનાવવાળુ સ્થળ ગામનો મુખ્ય માર્ગ છે અને વાહનોની અવર જવરવાળો અને વસ્તીવાળો વિસ્તાર છે અને તે સ્થળ ઉપર ઘણી બધી દુકાનો આવેલી છે અને કેનીલભાઈની દુકાનનું સટર અડધુ ખુલ્લુ છે ત્યાં કોઈ લોક નથી. પોતે માત્ર ફરીયાદી અને તેના કુટુંબના જ સભ્યોના નિવેદનો લીધા હોવાનો ઈન્કાર કરે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સોસાયટીના સભ્યોના નિવેદન લીધા

છે. કબુલ કરે છે કે, સી.સી.ટી.વી.માં અન્ય જે હાજર હોય તેના નિવેદન લીધા નથી કે પેનડ્રાઇવમાં ફુટેજ લીધા તે પહેલા પેનડ્રાઇવ ખાલી હતી તેવુ કોઇ પંચનામું કરેલ નથી કે આરોપીએ ભોગબનનારને કોઇ લોભ લાલચ આપેલ નથી કે આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અપહરણની કલમનો ચાર્જશીટમાં ઉલ્લેખ કરેલ છે અને આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલુ છે અને શરતચુકથી ભોગબનનારનું અપહરણ આરોપીએ કરેલ નથી તેવુ લખાવાઇ ગયેલ છે. કબુલ કરે છે કે, અપહરણ વખતે ભોગબનનારે બુમાબુમ કરેલ હોય તેવું બનેલ નથી અને આરોપીની મામલતદાર રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ નથી. ભોગબનનારની જન્મ તારીખ બાબતની ખરાઇની કોઇ કાર્યવાહી કરેલ ન હોવાનો ઇન્કાર કરે છે. કબુલ કરે છે કે, કહેવાતા બનાવ વખતે શુકલતીર્થ ગ્રામ પંચાયતના સરપંચ કોણ હતા તે પોતાને ખબર નથી. આરોપીનું કોઇ આઇ.ડી.પ્રુફ મેળવેલ ન હોવાનો ઇન્કાર કરે છે. સ્વેચ્છાએ જણાવે છે કે, આધાર કાર્ડની નકલ મેળવેલ છે. કબુલ કરે છે કે, શુકલતીર્થ ધણાબધા ફેરીવાળા ફરતા હોય છે અને પોતે જે સી.સી.ટી.વી. ફુટેજ મેળવેલા છે તેમાં આરોપીએ ભોગબનનાર સાથે કોઇ પ્રકારનું ખરાબ કૃત્ય કરેલ હોય તેવુ જણાતુ નથી. આરોપી સામે પુરતા પુરાવા ન હોવા છતા ખોટું ચાર્જશીટ કરેલ હોવાનો ઇન્કાર કરે છે.

૨૦. પ્રોસીકયુશન તરફે આંક-૧૦૮ થી સાહેદ નં.૧૨ તરીકે તપાસ કરનાર અધિકારી શકિતસિંહ વેલુભાઇ ચુડાસમાનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, હાલમાં પોતે પી.એસ.આઇ. તરીકે રાજકોટ સીટીમાં ફરજ બજાવે છે અને તા.૨૫/૦૩/૨૦૨૧ના રોજ પોતે નબીપુર પોલીસ સ્ટેશનમાં ઇન્ચાર્જ પી.એસ.આઇ. તરીકે ફરજ ઉપર હતા તે દરમ્યાન આ ગુનાની તપાસનો વાયરલેસ મેસેજ પોતે ગુનો દાખલ થયાનો સી.પી.આઇ.શ્રી ભરૂચને કરેલો હતો જે અસલ હતા અને તેમાં પોતાની સહી છે અને તે આંક-૧૦૯ થી રજુ કરે છે. સર્કલ પોલીસ ઇન્સ્પેકટરશ્રી ભરૂચનાઓને ગુનાની તપાસ સંભાળી લેવા

બાબતે પત્ર કરેલ જેમાં પોતાની સહી હોવાનું જણાવી અસલ આંક-૧૧૦ થી રજુ કરે છે અને પોલીસ સ્ટેશન અમલદાર ડી.આઇ.સંગાડાએ સ્પેશીયલ રીપોર્ટમાં કોલમ નં.૧૪ અને ૧૭ માં ગુનાની ફરીયાદ પોતાને સોંપેલ હતી જે સ્પેશ્યલ રીપોર્ટ આંક-૧૧૧ થી રજુ કરે છે અને તેમાં પોલીસ સ્ટેશન અમલદારની સહી હોવાનું જણાવે છે અને આ ગુનાની ફરીયાદ પોલીસ સ્ટેશન અમલદારે નોંધેલી અને પોતાને સુપરત કરેલ જે ફરીયાદમાં પોતાની સહી તથા ફરીયાદીની સહી છે હોવાનું જણાવે છે જે અસલ ફરીયાદ આંક-૧૨ થી રજુ હોવાનું જણાવે છે અને ફરીયાદ લીધા બાદ પોતે આગળની તપાસ તમામ અસલ કાગળો સાથે બી.એમ.રાઠવા સાહેબને આપેલ હતી અને પોતે માત્ર ફરીયાદ નોંધી હોવાનું જણાવે છે.

૨૦.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલી છે તેમાં સાહેદ કબુલ કરે છે કે, આ કામે કહેવાતી ફરીયાદ નોંધવા સીવાય પોતે કોઇ કાર્યવાહી કરેલ નથી અને ફરીયાદની હકીકતો અંગે પોતાને કોઇ જાત માહિતી નથી.

૨૧. ઉપરોકત પુરાવો જોવામાં આવે તો, સાહેદ નં.૧ મુબારક મુસાના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ બાબતે કોઇ પુરાવો આવતો નથી તેમજ સાહેદ નં.૨ જે ભોગબનનારના માતૃશ્રી છે તેના પુરાવામાં બનાવ સમયે ભોગબનનારની ઉંમર સાત વર્ષની હોવાનું અને બનાવ તા.૨૨/૦૩/૨૦૨૧ના રોજ બન્યાનું જણાવે છે અને આંક-૧૨ થી ફરીયાદ કર્યાનું જણાવે છે અને આંક-૧૨ની ફરીયાદ જોવામાં આવે તો ભોગબનનારની ઉંમર ૭ વર્ષ હોવાનું અને ધોરણ ૧માં અભ્યાસ કરતી હોવાનું જણાવે છે અને બનાવ તા.૨૨/૦૩/૨૦૨૧ના રોજ બન્યાનું જણાવે છે અને આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં ભોગબનનારની ઉંમર કે જન્મ તારીખ આરોપી તરફે પડકારવામાં આવતી નથી તેમજ પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૩ તરીકે રતિલાલ ચતુરભાઇ વસાવા પંચ સાહેદનો પુરાવો થયેલ છે આ પંચ સાહેદના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર જણાવવામાં આવતી

નથી, તેમજ આંક–૩૯ થી સાહેદ નં.૪ તરીકે કલ્પેશ જયવદન ગોળવાળા, સબ રજીસ્ટારનો પુરાવો થયેલ છે અને આ સાહેદ તેના પુરાવામાં ભોગબનનારની જન્મ તા.૦૮/૦૫/૨૦૧૪ ની હોવાનું અને નર્સીંગ હોમમાં જન્મ થયાનું જન્મના દાખલામાં દર્શાવેલ હોવાનું જણાવે છે અને તે દાખલો આંક–૪૦ થી રજુ કરે છે તેમજ આંક–૪૧ થી જન્મ રજીસ્ટરની ખરી નકલ રજુ કરે છે જે બાબતે સાહેદ નં.૪ ઉપરોકત રીતે પુરાવો આપે છે અને આંક–૪૦ નું જન્મ રજીસ્ટર જોવામાં આવે તો તેમાં ભોગબનનારના જન્મની નોંધ રજીસ્ટર ક્રમ નં. ૨૨૭૦ ઉપર તા.૧૭/૦૫/૨૦૧૪ એ થયેલ છે અને તા.૦૮/૦૫/૨૦૧૪ જન્મ તારીખ છે અને માતા પિતાનું નામ સરનામું, ભોગબનનારનું જન્મ સ્થળ અને જન્મની નોંધ ભોગબનનારના પિતાએ કરાવ્યાનું જણાય છે અને ભોગબનનારના નામમાં સુધારો કરીને ભોગબનનારનું નામ પણ તેના પિતાએ સોંગદનામું કરી સુધરાવેલ હોવા બાબતે સાહેદ પુરાવો આપે છે અને ચીફ ઓફીસરે તે સુધારો કરવાનો હુકમ કરેલ હોવાનું જણાવે છે અને આ રજીસ્ટરનું ખરી નકલનું પાનું રજુ થયેલ છે અને આ સાહેદની ઉલટતપાસમાં આરોપીને સ્પષ્ટ પણે મદદરૂપ થાય તેવી હકીકતો રેકર્ડમાં આવતી નથી અને આ સાહેદનો પુરાવો જોતાં તે ભોગબનનારની જન્મ તારીખ ૦૮/૦૫/૨૦૧૪ ની નોંધણી થયાનું જણાવે છે અને જન્મના દાખલામાં ભોગબનનારનું જે નામ છે તે દર્શાવેલ છે તેમજ આંક–૪૧ થી જન્મ રજીસ્ટરની ખરી નકલ રજુ થયેલ છે અને આ સાહેદ નં.૪ એ પોતે આંક–૪૦ નો જન્મનો દાખલો આપ્યાનું જણાવે છે અને આંક–૪૦ નો જન્મનો દાખલો તા.૧૪/૦૫/૨૦૨૫નો છે અને આ કામે નિ.૬/૨ થી ભોગબનનારનો અસલ જન્મનો દાખલો જે ભરૂચ નગરપાલીકાએ તા.૨૧/૦૫/૨૦૨૧ એ ઈશ્યુ કરેલ છે તે રજુ થયેલ છે તેમજ આંક–૪૦નો જન્મનો દાખલો પણ અસલ રજુ થયેલ છે અને સાહેદ નં.૫ તરીકે ભોગબનનારના મોટા પપ્પાનો પુરાવો થયેલ છે, આ સાહેદના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર સાહેદ જણાવતા નથી તેમજ

સાહેદ નં.૬ તરીકે આંક-૪૪ થી ભોગબનનારનો પુરાવો થયેલ છે, જેમાં ભોગબનનાર પોતાની જન્મ તા.૦૮/૦૫/૨૦૧૪ ની હોવાનું જણાવે અને તેની ઉંમર સાત વર્ષની ત્યારે હોવાનું અને ભોગબનનાર ધોરણ ૬માં અભ્યાસ કરતા હોવાનું જણાવે છે બનાવને પાંચ વર્ષ થયાનું જુબાનીમાં જણાવે છે અને જુબાની તા.૧૭/૦૬/૨૦૨૫ ના રોજ થયેલ છે અને આ ભોગબનનારની ઉલટતપાસ જોવામાં આવે તો ભોગબનનારની જન્મ તારીખ આરોપી તરફે પડકારવામાં આવતી નથી તેમજ સાહેદ નં.૭ તરીકે ભોગબનનારના પિતાનો પુરાવો થયેલ છે, આ સાહેદના પુરાવામાં આંક-૧૨ ની ફરીયાદમાં પોતાની પત્નીની સહી હોવાનું જણાવે છે અને આ સાહેદના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ કે ભોગબનનારની ઉંમર સ્પષ્ટ રીતે જણાવતા નથી અને ઉલટતપાસમાં આરોપી તરફે ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર પડકારવામાં આવતી નથી તેમજ સાહેદ નં.૮ તરીકે રવિરાજ ઉર્ફે રાજેન્દ્રસિંહનો પુરાવો રજુ થયેલ છે, આ સાહેદના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર બાબતે કોઇ પુરાવો આવતો નથી તેમજ આંક-૬૨ થી સાહેદ નં.૯ તરીકે શૈલેષ જગજીવનદાસ મિસ્ત્રીને તપાસેલ છે, આ સાહેદ એફ.એસ.એલ. અધિકારી છે આ સાહેદના પુરાવામાં પણ ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર અંગે કોઇ પુરાવો આવતો નથી તેમજ આંક-૭૨ થી સાહેદ નં.૧૦ વિશ્વાંગ જીતેન્દ્રભાઇ નિઝામાનો પુરાવો થયેલ છે આ પંચ સાહેદના પુરાવામાં પણ ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર બાબતે કોઇ પુરાવો આવતો નથી તેમજ સાહેદ નં.૧૧ તરીકે તપાસ કરનાર અધિકારી ભદ્રેશ મનુભાઇ રાઠવાનો પુરાવો થયેલ છે અને તેમાં પી.એસ.આઇ. એસ.વી. ચુડાસમાએ ટેલીફોનીક જાણ કરેલ કે ફરીયાદીએ ફરીયાદ આપેલ છે અને તેમની દિકરી ઉંમર વર્ષ ૭ ધોરણ ૧માં અભ્યાસ કરતી હોય તે બાબતે જણાવી તા.૨૨/૦૩/૨૦૨૧ના રોજ બનાવ બાબતેની હકીકત જણાવી તેની ફરીયાદ લીધાનું જણાવેલ અને પોતે તપાસ સંભાળ્યાનું સાહેદ જણાવે છે, આ સાહેદના પુરાવામાં ભોગબનનારનું જાતિનું પ્રમાણપત્ર મેળવવા યાદી કર્યાનું પણ જણાવે છે, આ સાહેદ

તેના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ સ્પષ્ટ રીતે જણાવતા નથી અને આ સાહેદ તેના પુરાવામાં ભોગબનનારનો જન્મનો દાખલો મેળવવા ચીફ ઓફીસર, ભરૂચ નગરપાલીકાને યાદી કરેલ જે આંક–૧૦૨ થી રજુ કરે છે અને ભોગબનનારના પિતાનો જાતિનો દાખલો આંક–૧૦૩ થી રજુ કરે છે, આ સાહેદની આરોપી તરફેની ઉલટતપાસમાં ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર પડકારવામાં આવતી નથી તેમજ સાહેદ નં.૧૨ તરીકે શકિતસિંહ વેલુભાઇ ચુડાસમા કે જેણે ફરીયાદીની ફરીયાદ લીધેલી છે તેનો ઉપરોકત પુરાવો રજુ થયેલ છે અને આ સાહેદ આંક–૧૨ થી અસલ ફરીયાદ રજુ હોવાનું અને તેમાં ફરીયાદીની સહી હોવાનું જણાવે છે અને આ સાહેદ ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર સ્પષ્ટ રીતે જણાવતા નથી.

૨૧.૧. ઉપરોકત પુરાવો જોવામાં આવે તો, ભોગબનનાર સાહેદ નં.૬ પોતાની જન્મ તારીખ ૦૮/૦૫/૨૦૧૪ ની હોવાનું જણાવે છે અને સાહેદ નં.૪ કલ્પેશભાઇ જયવદન ગોળવાળા ભોગબનનારની જન્મ તા.૦૮/૦૫/૨૦૧૪ ની નોંધણી થયા બાબતનો પુરાવો આપે છે અને ભોગબનનારનો જન્મનો દાખલો અને જન્મ રજીસ્ટરની ખરી નકલ અનુક્રમે આંક–૪૦,૪૧ થી રજુ કરે છે અને ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે સાહેદોની ઉલટતપાસમાં આરોપી તરફે ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર પડકારવામાં આવેલ નથી અને સાહેદ નં.૪ કે અન્ય કોઇ સાહેદોને ભોગબનનારની જન્મ તારીખ ૦૮/૦૫/૨૦૧૪ ખોટી છે કે તા.૦૮/૦૫/૨૦૧૪ છે જ નહીં તેવું કોઇ સજેશન પણ આરોપી તરફે થયેલ નથી અને સાહેદ નં.૪ ને આરોપી તરફે સજેશન પુછેલ તેમાં સાહેદ કબુલ કરે છે કે, હાલના કેસમાં નામ સુધારણા સોંગદનામાને આધારે થયેલ છે, તે રીતે સાહેદના પુરાવામાં સજેશનથી ભોગબનનારનું નામ નગરપાલીકામાં સોંગદનામાના આધારે સુધારેલ હોવાનું પણ તે રીતે આરોપી સ્વીકૃતિ કરે છે તે જણાય છે અને સાહેદ નં.૪ની આરોપી તરફે ઉલટતપાસ કરેલ છે તેમાં આરોપીને મદદરૂપ થાય તેવી કોઇ હકીકતો રેકર્ડમાં આવતી નથી અને જુવેનાઇલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન એકટ) ૨૦૧૫ ની કલમ–

૯૪ ની જોગવાઇ જોવામાં આવે તો, કલમ–૯૪માં જણાવેલ છે કે,"94. Presumption and determination of age. – (1) Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be, without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining –

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person."

જે.જે.એક્ટની કલમ–૯૪(૨)(ii) ધ્યાને લેતા આંક–૪૦ થી ભોગબનનારનો જન્મનો દાખલો નગરપાલીકા ભરૂચનો રજુ થયેલ છે તે પુરાવા તરીકે ધ્યાને લઇ શકાય અને સાથે નામ.સુપ્રીમ કોર્ટનું એ.આઇ.આર. ૨૦૦૯ એસ સી (સપ્લી) પાના પ૨૮ ઉપરનો સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ગજાનંદ ઉર્ફે હેમંત જર્નાદન વાનખેડેનો ચુકાદો જોતા તેના પેરા નં.પ માં જણાવેલ છે કે,

5. Undisputedly, the school records revealed the date of birth of the victim to be 4.6.1976. This was the position as indicated in the school leaving certificate (Exh.25) and the school register. The High Court noted that in the school register the date of birth was indicated to be 4.6.1976. It also noticed that the father of the victim stated that the girl was 14 years old. The High Court held that the correct date of birth is not recorded and only the school leaving certificate indicated that the date of birth of the victim was 4.6.1976. The evidence of the witnesses indicated that the entry was made on the basis of the horoscope. The High Court held that since the horoscope was not produced the prosecution has failed to establish its case. No reason has been indicated by the High Court to discard the documentary evidence produced i.e. school leaving certificate and the school register. The Headmaster of the school also deposed and produced the records before the trial Court. The High Court held that the entry in the school register was not in the handwriting of the Headmaster and he could not have deposed about the date of birth. There was no basis for the High Court to conclude that the entry cannot be taken to be above suspicion. On the basis of the evidence of the Headmaster and the original school leaving certificate and the school register which were produced the High Court came to abrupt conclusion that normally for various reasons the guardians to understate the age of their children at the time of admission in the school. There

was no material or basis for coming to this conclusion. The High Court in the absence of any evidence to the contrary should not have come to hold that the date of birth of the prosecutrix was not established and the school leaving certificate and the school register are not conclusive. Interestingly, no question was put to the victim in cross examination about the date of birth. The High Court also noted that no document was produced at the time of admission and a horoscope was purportedly produced. There is no requirement that at the time of admission documents are to be produced as regards the age of the student. Practically, there was no analysis of the evidence on record and abrupt conclusions, mostly based on surmises, were arrived at. The inevitable conclusion is that the judgment of the High Court is unsustainable, deserves to be set aside which we direct. The respondent shall surrender to custody to serve the remainder of the sentences.

તેમજ એ.આઈ.આર ૨૦૧૧ નામ.સુપ્રીમ કોર્ટ, પાના નં.૧૬૯૧ ઉપરનો મુરુગન એલ્યાસ સેતુ વિ. સ્ટેટ ઓફ તામીલનાડુના ચુકાદામાં જણાવેલ છે કે,

11. Documents made ante litem motam can be relied upon safely, when such documents are admissible under Section 35 of the Indian Evidence Act, 1872. (Vide: Umesh Chandra v. State of Rajasthan, AIR 1982 SC 1057; and State of Bihar & Ors. v. Sri Radha Krishna Singh & Ors., AIR 1983 SC 684).

12. This Court in Madan Mohan Singh & Ors. v. Rajni Kant & Anr., AIR 2010 SC 2933, considered a large number of judgments including : Brij Mohan Singh v. Priya Brat Narain Sinha & Ors. AIR 1965 SC 282; Birad Mal Singhvi v. Anand Purohit AIR 1988 SC 1796; Updesh Kumar & Ors. v. Prithvi Singh & Ors., AIR 2001 SC 703; State of Punjab v. Mohinder Singh, AIR 2005 SC 1868; Vishnu @ Undrya v. State of

Maharashtra, AIR 2006 SC 508; Satpal Singh v. State of Haryana (2010) 8 SCC 714, and came to the conclusion that while considering such an issue and documents admissible under Section 35 of the Evidence Act, the court has a right to examine the probative value of the contents of the document. Authenticity of entries may also depend on whose information such entry stood recorded and what was his source of information, meaning thereby, that such document may also require corroboration in some cases.

13. In the instant case, in the birth certificate issued by the Municipality, the birth was shown to be as on 30.3.1984; registration was made on 5.4.1984; registration number has also been shown; and names of the parents and their address have correctly been mentioned. Thus, there is no reason to doubt the veracity of the said certificate. More so, the school certificate has been issued by the Head Master on the basis of the entry made in the school register which corroborates the contents of the certificate of birth issued by the Municipality. Both these entries in the school register as well, as in the Municipality came much before the criminal prosecution started and those entries stand fully supported and corroborated by the evidence of Parimala (PW.15), the mother of the prosecutrix. She had been cross examined at length but nothing could be elicited to doubt her testimony. The defence put a suggestion to her that she was talking about the age of her younger daughter and not of Shankari (PW.4), which she flatly denied. Her deposition remained un-shaken and is fully reliable.

ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે અને આ કામે આરોપી તરફે ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર પડકારવામાં આવેલ નથી તેને પણ સાથે ધ્યાને લેવામાં આવે અને આંક-૪૦ નો ભોગબનનારનો જન્મનો દાખલો તેમજ આંક-૪૧ થી નગરપાલીકા

ધ્વારા નીભાવવામાં આવતું જન્મ રજીસ્ટરના સંબંધીત પાનાની ખરી નકલ રજુ થયેલ છે અને સાહેદ નં.૪ કલ્પેશ જયવદન ગોળવાળા નો પુરાવો જોવામાં આવે અને પુરાવા કાયદાની કલમ-૩૫ ધ્યાને લેતા અને સાહેદ નં.૪ ફરજના ભાગ રૂપે જે પુરાવો આપતા હોય અને નગરપાલીકા ધ્વારા નીભાવવામાં આવતા જન્મ રજીસ્ટરમાં ભોગબનનારની જન્મની નોંધ થયાનો અને ભોગબનનારની જન્મ તા.૦૮/૦૫/૨૦૧૪ ની હોવાનો પુરાવો આપતા હોય અને ભોગબનનારનું પહેલું નામ પાડવામાં આવેલ અને ભોગબનનારના પિતાના સોંગદનામાના આધારે ચીફ ઓફીસર, નગરપાલીકાએ નામમાં સુધારો કરી નવું નામ રજીસ્ટરના કોલમ નં.૫ માં દર્શાવેલ હોય તે બાબતે પણ સાહેદ નં.૪ પુરાવો આપે છે તેને ધ્યાને લેવામાં આવે અને કલમ-૩૫ ની જોગવાઈઓ અને સાહેદ નં.૪ નો પુરાવો ધ્યાને લેતા અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા ભોગબનનારની જન્મ તારીખ ૦૮/૦૫/૨૦૧૪ ની હોવાનું નિ:શંકપણે પુરવાર કરી શકે છે.

૨૨. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, આ કામે સાહેદ નં.૬ તરીકે આંક-૪૪ થી ભોગબનનારે પુરાવો આપેલ છે અને ભોગબનનારનો ઉપરોકત પુરાવો જોવામાં આવે તો, ભોગબનનાર પોતાની સાથે બનાવ પાંચ વર્ષ પહેલા બપોરે બનેલો અને બનાવમાં પોતે પ્રિન્ટ કઢાવવા ગઈ ત્યારે દુકાન બંધ હતી અને પાળી ઉપર બેસેલ તો આરોપીએ ભોગબનનારનું નામ, ધોરણ, સ્કુલ, ઘર, ઉંમર પુછેલ અને અને ભોગબનનારને મંદિર આવવાનું કહેલ જે ભોગબનનારને ના પાડતા આરોપીએ જબરજસ્તીથી કહેલ કે, ચાલ અને ભોગબનનારને આરોપી મંદિર લઈ ગયેલ, દર્શન કર્યા ત્યાં આરોપીએ ભોગબનનારને બાથ ભરેલ અને ચહેરા ઉપર પપ્પી કરવા જતાં ભોગબનનારે ચીસ પાડેલી પછી આરોપી જતા રહયા અને કહયું કે કોઈને કહીશ તો જાનથી મારી નાંખીશ અને ભોગબનનાર તે આરોપીનું નામ જણાવે છે અને આ સાહેદ ત્યારબાદ ગભરાઈને રડતી રડતી જઈને પોતાની મમ્મીને બનાવ કીધાનું પણ જણાવે છે અને પોતાના મમ્મીએ મામા, માસાને

જણાવ્યાનું જણાવે છે અને પોતાના મામા,માસાએ સી.સી.ટી.વી. ફુટેજ ગામના જોયેલા, પોલીસે પોતાની પુછપરછ કરેલ હોવાનું જણાવે છે અને આ સાહેદ જે એફ.એસ.એલ.એ પોતાના આંક-૬૪ના એકઝામીનેશન રીપોર્ટ સાથે જે એનેક્ષર આંક-૬૫ નો કાગળ અને સાથેના ફોટોગ્રાફ રજુ કરેલ તે ફોટોગ્રાફમાંથી ભોગબનનાર આંક-૪૫,૪૬,૪૭,૪૮,૪૯,૫૦,૫૧, ના ફોટામાં આરોપી હોવાનું તેમજ આંક-૫૨,૫૩,૫૪ ના ફોટોગ્રાફમાં પોતે હોવાનું જણાવે છે અને ભોગબનનાર તેના પુરાવામાં એ પણ જણાવે છે કે, આંક–૪૫ થી ૪૭ના ફોટોગ્રાફમાં આરોપી સાથે પોતાનો ફોટો છે અને આ ફોટાઓ જે એફ.એસ.એલ.એ આંક-૬૪ ના એકઝામીનેશન રીપોર્ટ સાથે આવેલ છે અને તે આંક-૬૫ના એનેક્ષર સાથે પાના નં.૧ થી ૬ દર્શાવીને ફોટોગ્રાફ આપેલ અને તે ફોટોગ્રાફ જોવામાં આવે તો આંક-૫૫માં બનાવ બનેલ જગ્યાનો ફોટો હોવાનું ભોગબનનાર જણાવે છે તેમજ આંક-૪૫,૪૬,૪૭માં ભોગબનનાર આરોપીનો ફોટોગ્રાફ હોવાનું જણાય છે અને આંક-૪૮માં પણ આરોપીનો ફોટો હોવાનું જણાય છે અને આંક-૪૯,૫૦,૫૧,૫૨માં પણ આરોપીનો ફોટો હોવાનું જણાય છે અને આંક-૫૩,૫૪ માં ભોગબનનારનો ફોટો હોવાનું જણાય છે અને આંક-૬૬ થી એફ.એસ.એલ. અધિકારીએ પુરાવા કાયદાની કલમ-૬૫(બી) (૪) (સી)નું સર્ટીફીકેટ આપેલ છે અને આ કામે આંક-૬૨ થી સાહેદ નં.૯ તરીકે એફ.એસ.એલ. અધિકારીનો ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો પુરાવો થયેલ છે અને નમુનામાં પેનડ્રાઇવ અને એક ડીવીડીઆર મળ્યાનું અને તેમણે પરીક્ષણ કર્યાનું અને કોઇ પણ પ્રકારનું એડીશન કે અલ્ટ્રેશન જોવા મળેલ નહીં અને આંક-૬૪ થી એફ.એસ.એલ.નો રીપોર્ટ અને આંક-૬૫ થી એનેક્ષર અને આંક-૪૬ થી આંક-૫૪ સુધીના ફોટોગ્રાફમાં પોતાની સહી હોવાનું તથા હોદ્દાનો સીકકો હોવાનું જણાવે છે અને પોતે પુરાવા કાયદાની કલમ- ૬૫(બી)(૪)(સી) નું પ્રમાણપત્ર આંક-૬૬ થી આપ્યાનું જણાવે છે અને આ સાહેદ આંક-૭૦ થી ડી.વી.ડી. રજુ કરે છે અને પોતે પરીક્ષણ કરેલ તે જ વિડીયો

ડી.વી.ડી.માં હોવાનું જોઇને જણાવે છે અને આ સાહેદની ઉલટતપાસમાં આરોપી તરફે વિ.વકીલશ્રીએ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે કરેલ છે જેમાં આરોપીને મદદ થાય તેવી કોઇ હકીકત સ્પષ્ટ પણે ઉલટતપાસમાં આવતી નથી અને સાહેદ નં.૮ રવિરાજ ઉર્ફે કેનીલ રાજેન્દ્રસિંહનો સર્વગ્રાહી પુરાવો જોતાં તે પુરાવા કાયદાની કલમ–૬૫(બી)(૪)(સી)નું આંક–૯૭ થી સી.સી.ટી.વી. ફુટેજ બાબતનું સર્ટીફીકેટ રજુ કરેલ છે અને આ સાહેદ આંક–૭૦ની ડીવીડીને આંક–૬૯ કહે છે અને સી.સી.ટી.વી. ફુટેજ આપ્યાનું કહે છે પરંતુ ઉલટતપાસમાં અમુક હકીકતે પ્રોસીકયુશનને સમર્થન કરતા નથી પરંતુ આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા તે પ્રોસીકયુશનને મહંદ અંશે મદદરૂપ થાય છે અને આંક–૯૭નું સર્ટીફીકેટ જોતાં તે પેનડ્રાઇવમાં સી.સી.ટી.વી. ફુટેજ આપેલ તેના અનુસંધાને કલમ–૬૫(બી)(૪)(સી)નું સર્ટીફીકેટ હોવાનું દર્શાવેલ છે અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં. ૨ નો આંક-૧૧ નો પુરાવો જોતાં તે તેના ઉપરોકત પુરાવામાં તા.૨૨/૦૩/૨૦૨૧ના રોજ બનાવ બન્યાનું અને ભોગબનનાર બનાવના દિવસે પેપર ઝેરોક્ષ કરાવવા માટે કેનીલભાઇની દુકાને સાઇકલ લઇને ગયાનું જણાવે છે અને આશરે ૧૨ વાગે રડતી રડતી ઘરે આવ્યાનું જણાવે છે અને ભોગબનનારને પુછતા જણાવેલ કે, ત્યાં એક છોકરો કપડાંનું પોટલું લઇને આવેલો અને તેણે ભોગબનનારનું નામ પુછેલું, કયાં ધોરણમાં ભણે છે, કેટલા વર્ષની છે તેવું પુછેલ અને ભોગબનનારને મંદિરે લઇ જવાનું કહેલ, દિકરીએ હા પાડેલી અને દિકરીને દુકાનના પાછળના ભાગે ટેરેસ ઉપર જવાના પાછળના ભાગે દાદર ઉપર લઇ ગયેલો અને તે પછી દિકરીને બાથ ભરી દીધેલી અને પપ્પી કરવા જતા દિકરીએ ચીસ પાડતા તે ભાગી ગયેલો અને જતા જતા તેણે એવુ કહેલુ કે તુ કોઇને કહીશ તો હુ તને મારી નાંખીશ તેમ કહી જતો રહેલો આ રીતે ભોગબનનારે વાત કર્યાનું જણાવે છે અને આ બનાવની જાણ પોતે પોતાના પતિ, પોતાના ભાઇ અને બનેવીને કર્યાનું અને છોકરા બાબતે તપાસ કરતાં પંચાયતના સી.સી.ટી.વી. કેમેરામાં છોકરો દુકાન પાસે બેઠેલો જોવા મળેલ તે ફોટો દિકરીને બતાવતા તેણે ઓળખી બતાવેલો

આ રીતે ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૨ પુરાવામાં જણાવે છે અને આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે થયેલી છે તેમાં સજેશન પુછેલ તેમાં સાહેદ કબુલ કરે છે કે, પોતાની દિકરી એકલી ઘરે આવેલી અને બનાવની જાણ પોતાની દિકરીએ પોતાને કરેલી તે સીવાય કોઇને કરેલી નહીં તેમ જણાવે છે આ ભોગબનનારના માતૃશ્રીનો પુરાવો જોવામાં આવે તો, ભોગબનનારના માતૃશ્રીને ભોગબનનારે તુરત જ બનાવની વાત કર્યાનું જણાવે છે અને રડતી રડતી ભોગબનનાર આવેલ તે પણ જણાવે છે અને સાથે નામદાર ગુજરાત હાઇકોર્ટનું ૨૦૧૯(૦) એઆઈજેઈએલ–એચસી ૨૩૦૩૦૨, રંજનબેન મહેશભાઈ વસાવા વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં 18. We also take notice of one another incriminating circumstance emerging from the evidence on record. The mother of the victim, in her evidence, has deposed that the victim came home running very much frightened and disclosed before her about the act alleged to have beencommitted by the accused. As noted above, this, in fact, has been brought on record by the defence itself that the victim came home crying and was very much frightened. Thus, something happened inside the house of the accused and as soon as the victim was able to get herself released from the clutches of the accused, she ran straight to her home and disclosed about the incident before her mother. The statement of the victim shortly after the incident is admissible under section 6 of the Evidence Act as "res gestae". 19. The subject treated in English and American books under the head of 'Res Gestae' is found spread over Sections 6, 7, 8 and 9 and partially over Section 14 of the Indian Evidence Act. Sir James Stephen defined 'res gestae' as a group of facts so connected together as to be referred to by a single name, as a crime, a contract, a wrong or any other subject of enquiry which may be in issue. The rule of the evidence is admit res gestae and exclude res

inter alios. Illustrations deducible from the decided cases reveal that a statement of wife: immediately upon a hurt received and before she had time to devise anything to her own advantage, was held admissible. The statement of a victim shortly after he sustained injuries that the accused inflicted them was held admissible under Section 6. State of excitement may well continue to exist after the exciting fact has ended and it is this human factor that renders declaration made under excitement admissible in proof of the exciting fact. The declaration, though subsequent to the occurrence, is yet held admissible because the Judge of fact is persuaded to accept the assumption that the influence of the exciting fact continued till the declaration was made, there being proximity of time between the exciting fact and the declaration. The test is to exclude the possibility of fabrication or the possibility of anything having been devised to one's own advantage, meaning thereby that there was a substantial contemporaneity between the declaration and the fact though the declaration may be made during or immediately before or after its occurrence. If a Judge of fact is convinced that the interval, howsoever slight, between a declaration and the fact, is one that probabilised fabrication, the declaration ceases to be part of res gestae. On the contrary, the interval, not short, but is such as permits deduction of an inference that declarant was stilt under excitement of the fact, the declaration would be part of res gestae.

20. The requirement of section 6 of the Evidence Act is that the statement must have been made contemporaneously with the act or immediately after it and not at such an interval of time as to make it a narrative of the past events or to allow time for fabrication. It, therefore, follows that the statements by the victim to her mother were spontaneous. They were made when

she was still under excitement of the incident that had taken place with her. She was very much frightened and was crying. The statements would certainly be admissible under sections 6 and 8, Illus. (J) of the Evidence Act. Situations may rise where a statement though not admissible under section 6, may yet be admissible under section 8 as evidence of the conduct or as a former statement corroborating the testimony of a witness under section 157 of the Evidence Act. It can be said that the statement of the victim made to her mother is admissible under sections 6 and 8 of the Evidence Act. Yet, we hasten to add that even if the statement would have been excluded from consideration under section 6 of the Evidence Act, it would certainly be admissible under section 157 of the Evidence Act.

ઉપરોકત ચુકાદાનો સીધ્ધાંત ધ્યાને લેવામાં આવે અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.ર અને ભોગબનનાર સાહેદ નં.૬ નો પુરાવો તથા એફ.એસ.એલ.અધિકારી સાહેદ નં.૯ તરીકેના પુરાવાને તથા ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેના સાહેદોના પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, ભોગબનનારના માતૃશ્રીને ભોગબનનારે બનાવની રડતા રડતા તુરત વાત કરેલ છે અને ભોગબનનારનો પુરાવો જોતાં ભોગબનનાર ગભરાઇ ગયેલ અને રડતી રડતી ઘરે ગયેલ તે પણ પુરાવામાં જણાય છે અને ભોગબનનારના માતૃશ્રીનો પુરાવો જોતાં તેણે ખોટો પુરાવો ઉભો કરેલ હોય તેવું જણાતું નથી અને ભોગબનનારના પુરાવા સાથે ભોગબનનારના માતૃશ્રીનો સમર્થન કારક પુરાવો જણાય છે અને આંક–૭૦ની ડી.વી.ડી. ને ધ્યાને લેવામાં આવે અને તેમાં જે સી.સી.ટી.વી. ફુટેજ છે તેને ધ્યાને લેવામાં આવે અને આંક–૪૫ થી આંક–પપ ના બનાવવાળી જગ્યાના ફોટોગ્રાફ છે જેમાં આંક–૪પ થી૪૮ તથા પર ના ફોટોગ્રાફમાં ભોગબનનાર, આરોપી તેમજ આંક–૪૯,૫૦,૫૧માં આરોપી જણાય છે તેમજ આંક–૫૩,૫૪માં ભોગબનનાર જણાય છે અને આ ફોટોગ્રાફ્સ એફ.એસ.એલ.એ તેના પરીક્ષણ અહેવાલ સાથે મોકલેલ

છે અને સાહેદ નં.૯ એ આંક–૬૬ થી પુરાવા કાયદાની કલમ–૬૫(બી)(૪)(સી)નું સર્ટીફીકેટ પણ આપેલ છે અને પેનડ્રાઇવ ડી.વી.ડી.ના સી.સી.ટી.વી. ફુટેજમાં કોઇ એડીટીંગ કે અલ્ટ્રેશન નથી તેવો પુરાવો પણ આપેલ છે, આ પુરાવાને સાથે ધ્યાને લેવામાં આવે અને ફરીયાદીએ આંક–૧૨ થી જે ફરીયાદ કરેલ છે તેમાં પણ ભોગબનનાર આશરે પોણા બારેક વાગ્યાના અરસામાં રડતી રડતી ઘરે સાઇકલ લઇને પરત આવીને બનાવની વાત કર્યાનું જણાવે છે, આ ફરીયાદ જે ઉપરોકત પેરા નં.૧ માં જણાવેલ છે, આ ફરીયાદની હકીકતને ભોગબનનાર સાહેદ નં.૬ તથા ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૨ના પુરાવાનું સમર્થન મળે છે અને બંનેનો એકબીજાને સમર્થનકારક પુરાવો છે અને ઉપરોકત નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેતા ભોગબનનારના માતૃશ્રીનો પુરાવો પુરાવામાં ગ્રાહ્ય રહે તેવો પુરાવો છે અને તે પુરાવો પ્રોસીકયુશનને મદદરૂપ થાય છે અને ધ્યાને લેવા પાત્ર છે અને બનાવ અને ભોગબનનારને સમર્થન કરતો પુરાવો છે જેથી પ્રોસીકયુશનને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૨નો પુરાવો મદદરૂપ થાય છે તે જણાય છે.

૨૩. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, પ્રોસીકયુશન તરફે આંક–૬૦ થી સાહેદ નં.૭ તરીકે ભોગબનનારના પિતાનો પુરાવો થયેલ છે આ સાહેદ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે પુરાવો આપે છે અને મહંદઅંશે પ્રોસીકયુશનને સમર્થન કરતો પુરાવો આપે છે અને પત્નીનો ફોન આવેલો અને ઘરે ગયેલ અને બનાવની હકીકત જાણેલી અને ગ્રામ પંચાયતમાં સી.સી.ટી.વી. કેમેરા જોવા ગયા તેમ જણાવે છે અને આરોપીને નામથી અને જોયેથી ઓળખતા હોવાનું અને પોતે સી.સી.ટી.વી. ફુટેજ જોયાનું જણાવે છે અને આ સાહેદ આંક–૪૫ થી ૫૫ના ફોટોગ્રાફ જોઇને પુરાવો આપે છે અને જે ફોટોગ્રાફમાં આરોપી અને ભોગબનનાર બેઠેલા જણાય છે તે બાબતે પુરાવો આપે છે તેમજ આરોપી ફોટામાં જણાય છે તેનો પણ પુરાવો આપે છે અને આરોપીના

વિ.વકીલશ્રીએ આ સાહેદ નં.૭ના પુરાવામાં આરોપીની ઓળખની તકરાર નથી તેવું જણાવેલ અને આ સાહેદની ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે આરોપી તરફે ઉલટતપાસ થયેલ છે તે ઉલટતપાસ જોતાં આરોપીને સ્પષ્ટ પણે મદદરૂપ થાય તેવી સ્પષ્ટ હકીકતો ઉલટતપાસમાં આવતી નથી અને ઉલટતપાસમાં જણાવે છે કે, તેમણે સી.સી.ટી.વી. ફુટેજ કઢાવ્યા ત્યારે સી.સી.ટી.વી. ફુટેજ જોયેલા અને પ્રોસીકયુશન તરફે સાહેદ નં.પ તરીકે આંક–૪૩ થી ભોગબનનારના મોટા પપ્પાનો પુરાવો થયેલ છે તે પુરાવો જોવામાં આવે તો, પ્રોસીકયુશનના કેસને સમર્થન કરતો પુરાવો છે, આ સાહેદે બનાવ બન્યો ત્યારે નજરે જોયેલ નથી તેમ પણ જણાવે છે પરંતુ આ સાહેદની ઉલટતપાસને ધ્યાને લેવામાં આવે તો તેમાં આરોપીને સ્પષ્ટ પણે મદદરૂપ થાય તેવી સ્પષ્ટ હકીકતો રેકર્ડમાં આવતી નથી.

૨૪. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, પ્રોસીકયુશન તરફે આંક–૦૮ થી સાહેદ નં. ૧ તરીકે મુબારક મુસા ભોચાને તપાસેલ છે આ સાહેદ આંક–૦૯ના આરોપીની અટક કરવાના અને શરીરસ્થીતીના પંચનામાના પંચ છે અને આ પંચ સાહેદ તેના પંચનામામાં મહંદઅંશે સમર્થન કરતો પુરાવો આપે છે અને આંક–૦૯ના અન્ય પંચનામાના પંચ રતિલાલ ચતુરભાઇનો સાહેદ નં.૩ તરીકેનો આંક–૨૧ નો પુરાવો જોતાં તે આંક–૦૯ના પંચનામામાં સહી સીવાયની હકીકતને સમર્થન કરતાં નથી જેથી આ બંને પંચસાહેદોનો પુરાવો જોતાં સાહેદ નં.૧ પંચનામાની હકીકતને સમર્થન કરે છે, સાહેદ નં.૩ પંચનામાને સ્પષ્ટ પણે સમર્થન કરતાં નથી તે રીતે બંને પંચ સાહેદોનો પુરાવો વિરોધાભાસી છે, પરંતુ સાથે સાહેદ નં.૧૧ ભદ્રેશભાઇ મનુભાઇ રાઠવા તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોતાં જે પોતે તપાસ કરેલી તે બાબતે પુરાવો આપે છે અને તે પ્રોસીકયુશનને સમર્થન કરતો પુરાવો છે અને આરોપીનું શરીર સ્થીતીનું બે પંચો રૂબરૂ પંચનામું કરી અટક કર્યાનો પુરાવો આપે છે અને પ્રોસીકયુશન તરફે આંક–૧૦ થી આંક–૭૩ ના પંચનામાના પંચ વિશ્વાંગ જીતેન્દ્રભાઇ નિઝામાને

તપાસેલ છે આ સાહેદ ગ્રામ પંચાયતની ઓફીસમાંથી સી.સી.ટી.વી. ફુટેજ જે કબજે કરેલ છે તે આંક–૭૩ તા.૦૨/૦૪/૨૦૨૧ના પંચનામાના પંચ છે અને આ સાહેદ આંક–૭૨ ના સાહેદ નં.૧૦ તરીકેના પુરાવામાં આંક–૭૩ના પંચનામાને સમર્થનકારક પુરાવો આપે છે અને આ સાહેદ આંક–૬૭ની પેનડ્રાઇવ લેપટોપમાં ચાલુ કરીને જોઇને પુરાવો આપે છે અને તે વિડીયો ફુટેજ પોતાની હાજરીમાં કબજે કર્યાનું જણાવે છે અને તેમાં આરોપી છે તેને ઓળખતા હોવાનું જણાવે છે અને આ પંચ સાહેદના પુરાવામાં આરોપીના વિ.વકીલશ્રીએ આરોપીની ઓળખની તકરાર નથી તેવું જણાવે છે અને આ સાહેદ આંક–૬૭ની પેનડ્રાઇવ ઉપર જે કવર છે તેમાં પોતાની તથા અન્ય પંચ સુહાગભાઈની સહી હોવાનું જણાવી આંક–૭૪ થી રજુ કરે છે અને આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે થયેલ છે તેમાં આરોપીને સ્પષ્ટ પણે મદદરૂપ થાય તેવી હકીકતો ઉલટતપાસમાં આવતી નથી અને આંક–૭૫ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ છે તે પંચનામામાં તે ગુનાવાળી જગ્યાનું પંચનામું આરોપી તરફે વિ.વકીલશ્રી આંકે પાડી વંચાણે લેવા શેરો કરી વિનંતી કરેલ છે અને તેમાં બ્રેકેટ કરેલ છે તે શબ્દ '' જેના ઉપર જતા સદર સીડીના પાંચમા પગથીયે આ કામના આરોપીએ પોતાની સાથે બાથભીડી પપ્પીઓ કરેલાની આ કામની બાલીકા જણાવે છે''. આ ઉપરોકત બ્રેકેટમાં દર્શાવેલ હકીકત પંચનામામાં કબુલ કરેલ નથી અને તે સીવાયની પંચનામાની હકીકતો આરોપી તરફે કબુલ કરેલ છે અને તે રીતે ગુનાવાળી જગ્યા આરોપી તરફે કબુલ કરવામાં આવે છે અને આ ગુનાવાળી જગ્યાનું આંક–૭૫ નું પંચનામું જોવામાં આવે તો ભોગબનનારના માતૃશ્રી અને ભોગબનનાર બંને સ્થળ ઉપર હાજર હતા અને ભોગબનનારે ગુનાવાળી જગ્યા બતાવેલ અને તે ગુનાવાળી જગ્યા શુકલતીર્થ ગામના પાદરમાં આવેલ રાજપુત સમાજની વાડી તથા શોપીંગ સેન્ટરમાં આવેલ શ્રી ગુરૂદત્ત ફોટો સ્ટુડીયો તથા શીવ જનરલ સ્ટોરની વચ્ચેના ભાગે આવેલ હોવાનું જણાવેલ છે અને દુકાનની પાળી ઉપર બેસેલ તે વખતે દુકાન બંધ હોવાનું તે બાબતે જણાવેલ છે જેથી આ

પંચનામામાં ગુનાવાળી જગ્યા દર્શાવેલ છે અને તે આરોપી તરફે ગુનાવાળી જગ્યાનું પંચનામું કબુલ કરીને તે રીતે ગુનાવાળી જગ્યા કબુલ કરવામાં આવે છે તે જણાય છે અને ઉપરોકત સાહેદ નં.૨ કે જે ફરીયાદી છે તેમજ સાહેદ નં.૬ કે જે ભોગબનનાર છે અને સાહેદ નં.૯જે એફ.એસ.એલ. અધિકારીએ સી.સી.ટી.વી. ફુટેજનું પૃથ્થકરણ કરેલ છે અને સાહેદ નં.૧૦ કે જે આંક–૭૩ ના પંચનામાથી સી.સી.ટી.વી. ફુટેજ કબજે થયેલ ત્યારે પંચનામામાં હાજર હતા અને અન્ય પંચ સાહેદ સુહાગભાઈ અર્જુનભાઈ નિઝામાની આંક–૭૩ના પંચનામામાં સહી હોવાનું સાહેદ નં. ૧૧ તપાસ કરનાર અધિકારી ભદ્રેશભાઈ મનુભાઈ રાઠવા તેની તપાસ બાબતે ઉપરોકત પુરાવો આપે છે અને સાહેદ નં.૧૨ શકિતસિંહ વેલુભાએ ફરીયાદીની ફરીયાદ લીધેલ તે બાબતે પુરાવો આપે છે અને ભોગબનનારના પિતા સાહેદ નં.૭ તથા ભોગબનનારના મોટા પપ્પા સાહેદ નં.૫ નો પુરાવો જોવામાં આવે તો, આ સાહેદોના પુરાવા એકબીજાને સમર્થનકારક પુરાવા છે અને નામ.સુપ્રીમ કોર્ટનું કારુલાલ અને અન્ય વિરૂધ્ધ ધી સ્ટેટ ઓફ મધ્યપ્રદેશનો ક્રિમીનલ અપીલ નં.૩૧૬/૨૦૧૧ નો તા.૦૯/૧૦ /૨૦૨૦ નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં જણાવેલ છે કે,

23. The appellant’s counsel also submitted that few of the witnesses had not supported the prosecution case and were declared to be hostile. But there are enough material evidence and trustworthy testimonies which clearly support the case against the accused and the prosecution need not fail on this count alone. Some witness may not support the prosecution story for their own reasons and in such situation, it is necessary for the Court to determine whether the other available evidence comprehensively proves the charge. In this case, it is seen that the prosecution version is cogent and supported by three eyewitnesses who have given a consistent account of the incident. Their testimonies are corroborated by the medical evidence. The learned Trial Judge had elaborately discussed the evidence of both sides and came to a logical

conclusion which inspires confidence. We are therefore of the view that the hostile witnesses will not affect the conviction of the appellants.

ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો, સાહેદ નં.૩ પંચ રતિલાલ ચતુરભાઈ પ્રોસીકયુશનના કેસને સમર્થન કરતાં નથી અને સાહેદ નં.૮ રવિરાજસિંહ ઉર્ફે કેનીલ રાજેન્દ્રસિંહ પરમાર ઉલટતપાસમાં અમુક હકીકતે પ્રોસીકયુશનના કેસને સમર્થન કરતા નથી તેનાથી પ્રોસીકયુશનના કેસને વિરૂધ્ધની કોઇ અસર થતી નથી.

ઉપરોકત કરેલ ચર્ચા અને પુરાવા જોવામાં આવે તો, પ્રોસીકયુશન બનાવવાળી જગ્યા સાહેદોના પુરાવાથી રેકર્ડ ઉપર લાવી શકેલ છે અને આંક-૭૫ની ગુનાવાળી જગ્યાનું પંચનામું પ્રોસીકયુશન નિ:શંકપણ પુરવાર કરી શકેલ છે તે પણ જણાય છે.

૨૫. ઉપરોકત હકીકતે કરેલ ચર્ચા અને પુરાવો ધ્યાને લેવામાં આવે તો, બનાવ તા.૨૨/૦૩/૨૦૨૧ના રોજ બન્યાનું ફરીયાદી સાહેદ નં.૨ જણાવે છે તેમજ ભોગબનનાર સાહેદ નં.૬ નો પુરાવો વિશ્વનસીય જણાય છે અને સાહેદ નં.૫ ભોગબનનારના મોટા પપ્પા પણ બનાવ ૨૦૨૧માં બન્યાનું જણાવે છે તેમજ સાહેદ નં.૭ ભોગબનનારના પિતા પણ બનાવ બાબતે પુરાવો આપે છે અને તપાસ કરનાર અધિકારી સાહેદ નં. ૧૧ ભદ્રેશભાઈ મનુભાઈ રાઠવા તથા સાહેદ નં.૧૨ શકિતસિંહ વેલુભા ચુડાસમા કે જે ફરીયાદ લેનાર છે તેનો પુરાવો પણ જોવામાં આવે તો, એકબીજાને સમર્થનકારક પુરાવો છે, સાહેદ નં.૮ રવિરાજ ઉર્ફે કેનીલ રાજેન્દ્રસિંહ પરમારનો આંક-૬૧ થી પુરાવો જોવામાં આવે તો તે આંક-૬૭ની પેનડ્રાઇવના વિડીયોમાં ભોગબનનાર દિકરી હોવાનું અને એક અજાણ્યો ઇસમ તેને લઇને બેઠેલો હોવાનું પણ જણાવે છે અને પુરાવા કાયદાની કલમ-૬૫(બી)(૪)(સી)નું પ્રમાણપત્ર આંક-૯૭ થી આપ્યાનું જણાવે છે અને આંક-૬૯ની સી.ડી.માં, પેનડ્રાઇવમાં લીધેલા મુળ વિડીયો ફુટેજ હોવાનું જણાવે છે અને આ સાહેદ મુળ વિડીયોના જે ફોટોગ્રાફ એફ.એસ.એલ.ના આંક-૬૪ના રીપોર્ટ સાથે આંક-૬૫ના

એનેક્ષરમાં રજુ થયેલ છે તેમાં ભોગબનનાર દિકરી અને અજાણ્યો ઈસમ હોવાનું જણાવે છે અને આ સાહેદનો ઉલટતપાસનો પુરાવો જોતાં પોલીસ પોતાની પાસે કોઈપણ જાતની પેનડ્રાઇવ કે સી.ડી. લેવા આવેલ નથી કે પોતે કોઇ જાતનું સર્ટીફીકેટ આપેલ નથી અને પોલીસે પોતાને સહી કરવાનું જણાવેલ હતુ અને પોતે સહી કરેલી અને તેમાં શું પ્રકારનું લખાણ હતું તેની પોતાને કોઈ જાત માહિતી નથી, પોલીસે પોતાની કોઇ પુછપરછ કરેલ નથી કે પોલીસને પોતે કાંઇ જણાવેલ નથી તેમ જણાવે છે, આ સાહેદનો પુરાવો જોતાં પ્રોસીક્યુશનને અમુક હકીકતે સમર્થન કરે છે અને અમુક હકીકતે ઉલટતપાસમાં સમર્થન કરતા નથી પરંતુ આ સાહેદનો પુરાવો જોતાં આ સાહેદ જે ફોટોગ્રાફ આંક-૬૪ ના એફ.એસ.એલ.ના રીપોર્ટ સાથે રજુ થયેલ છે તે ફોટોગ્રાફમાં ભોગબનનારને ઓળખી બતાવે છે અને એક અજાણ્યો ઈસમ હોવાનું જણાવે છે અને તે ફોટોગ્રાફ આંક-૪૪ થી પ૪ વાળા જણાવે છે પરંતુ તે ફોટોગ્રાફ આંક-૪પ થી પપ છે, આ સાહેદ નં.૮નો પુરાવો જોતાં ફોટોગ્રાફમાં ભોગબનનારને ઓળખી બતાવે છે અને તે પુરાવો ભોગબનનાર સાહેદ નં.૬, ભોગબનનારના પિતા સાહેદ નં.૭ના પુરાવાને તે રીતે ફોટોગ્રાફમાં ભોગબનનાર હોવા બાબતે સમર્થન કરે છે, તેમજ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧ ભદ્રેશભાઇ મનુભાઇ રાઠવા તે તેના પુરાવામાં આંક-૬૮ વાળી પેનડ્રાઇવમાંના સી.સી.ટી.વી. કુટેજ જોઇને કહે છે કે તે પોતે જ મેળવેલા છે અને તેમાં આરોપી ભોગબનનાર સાથે બેઠેલો જણાય છે અને તે સમય ૧૧:૧૭:૧૯ હોવાનું જણાવે છે પરંતુ આ પેનડ્રાઇવ આંક-૬૭ છે અને આ સાહેદનો વધુ પુરાવો જોતાં આંક-૭૦ની ડી.વી.ડી. જોઇને કહે છે કે, તે સી.સી.ટી.વી. કુટેજ પોતાના ધ્વારા મેળવવામાં આવેલ હતા તે આજ છે અને સમય ૧૧:૧૭:૧૯ વાગે ભોગબનનાર સાથે આરોપી બેઠેલો દેખાય છે તેમ જણાવે છે અને આ સાહેદ જણાવે છે કે, ભોગબનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪નું નિવેદન લેવડાવેલ નથી અને ભોગબનનાર કે આરોપીનું મેડીકલ કરાવેલ નથી, આ પુરાવાને જોવામાં આવે તો આ સાહેદે ભોગબનનારનું કે આરોપીનું મેડીકલ કરાવેલ નથી

કે ભોગબનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ નું નિવેદન લેવડાવેલ નથી તેમાં ભોગબનનારની કોઈ કસુર જણાતી નથી અને તપાસ એજન્સી ઉપર ફરીયાદી કે ભોગબનનારનો કંટ્રોલ હોતો નથી અને ફરીયાદી સાહેદ નં.૨, ભોગબનનાર સાહેદ નં.૬, ભોગબનનારના પિતા સાહેદ નં.૭, ભોગબનનારના મોટા પપ્પા સાહેદ નં.૫ નો ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો પુરાવો જોવામાં આવે તો એકબીજાને સમર્થન કારક પુરાવો છે અને વિશ્વસનીય પુરાવો છે અને સાથે નામદાર સુપ્રીમ કોર્ટનો Ram Singh @ Chhaju vs State Of H.P on 28 January, 2010 AIR SCW 1396,CRIMINAL APPEAL NO. 1248 OF 2008 ના ચુકાદાનો સિધ્ધાંત જોવાં આવે તો તેમાં જણાવેલછે. કે, 13. It was contended by the learned counsel for the appellant that the blood stained clothes which were said to have been handed over to the Officer-in-Charge at the Police Station by the husband of the victim were not sent for chemical examination and, therefore, the corroboration with which such evidence could offer was absent. In our view, the failure of the investigating agency cannot be a ground to discredit the testimony of the victim. The victim had no control over the investigating agency and the negligence, if any, of the investigating officer could not affect the credibility of the statement of PW-1 - the victim. Having regard to the facts and circumstances of this case, we are satisfied that on the basis of the evidence on record, the conviction of the appellant can be sustained.

ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારીએ ભોગબનનારનું કે આરોપીનું મેડીકલ કરાવેલ નથી કે ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન લેવડાવેલ નથી તેમાં ભોગબનનારનો કોઈ વાંક જણાતો નથી અને ક્રિ.પ્રો.કોડની કલમ–૫૩(એ) ધ્યાને લેતા રેપના ગુનાના આરોપીનું મેડીકલ કરવાની જોગવાઈ છે અને હાલનો રેપનો ગુનો નથી તેને પણ સાથે ધ્યાને લેવામાં આવે અને ભોગબનનારનું મેડીકલ કરાવેલ નથી અને

ભોગબનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪નું નિવેદન લીધેલ નથી તે તપાસ કરનાર અધિકારીની બેદરકારી કહેવાય અને રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં તેના કારણે આરોપીને કોઇ પુર્વગ્રહ થયો હોય તેવું આરોપી રેકર્ડમાં સાહેદોના પુરાવામાં ઉલટતપાસમાં લાવી શકતા નથી, આ હકીકત ધ્યાને લેતા ભોગબનનારનું મેડીકલ થયેલ નથી કે ભોગબનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪નું નિવેદન લેવાયેલ નથી તેના કારણે પ્રોસીકયુશનને કોઇ વિરૂધ્ધની અસર થતી હોય તેવું જણાતું નથી.

૨૫.૧. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો,પુરાવામાંની નાની વિસંગતતાઓ ધ્યાને ન લેવાય અને નામ.સુપ્રિમ કોર્ટનુ ક્રિમીનલ અપીલ નં.૧૦૬૬/૨૦૦૯ મલ્લિકાઅર્જુન અને અન્ય વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકનો તા.૦૮/૦૮/૨૦૧૯નો ચુકાદો ધ્યાને લેતા તેમાં જણાવેલ છે કે,

14. Observing that minor discrepancies and inconsistent version do not necessarily demolish the prosecution case if it is otherwise found to be creditworthy, in Bakhshish Singh v. State of Punjab and another (2013) 12 SCC 187, it was held as under:-

32. In Sunil Kumar Sambhudayal Gupta v. State of Maharashtra (2010) 13 SCC 657 this Court observed as follows: (SCC p. 671, para 30) “30. While appreciating the evidence, the court has to take into consideration whether the contradictions/omissions had been of such magnitude that they may materially affect the trial. Minor contradictions, inconsistencies, embellishments or improvements on trivial matters without effecting the core of the prosecution case should not be made a ground to reject the evidence in its entirety. The trial court, after going through the entire evidence, must form an opinion about the credibility of the witnesses and the appellate court in normal course would not be justified in reviewing the same again without justifiable reasons. (Vide State v. Saravanan (2008) 17 SCC 587.)”

33. … this Court in Raj Kumar Singh v. State of Rajasthan (2013) 5 SCC 722 has observed as under: (SCC p. 740, para 43) “43. … It is a

settled legal proposition that, while appreciating the evidence of a witness, minor discrepancies on trivial matters, which do not affect the core of the case of the prosecution, must not prompt the court to reject the evidence thus provided, in its entirety. The irrelevant details which do not in any way corrode the credibility of a witness, cannot be labelled as omissions or contradictions. Therefore, the courts must be cautious and very particular in their exercise of appreciating evidence. The approach to be adopted is, if the evidence of a witness is read in its entirety, and the same appears to have in it, a ring of truth, then it may become necessary for the court to scrutinise the evidence more particularly, keeping in mind the deficiencies, drawbacks and infirmities pointed out in the said evidence as a whole, and evaluate them separately, to determine whether the same are completely against the nature of the evidence provided by the witnesses, and whether the validity of such evidence is shaken by virtue of such evaluation, rendering it unworthy of belief."

ઉપરોકત ચુકાદાના સિધ્ધાંત ધ્યાને લેતા અને ભોગબનનાર અને પ્રોસીકયુશનના ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેના સાહેદોનો પુરાવો વિશ્વસનીય જણાય છે જેથી સાહેદોના પુરાવામાંની નાની વિસંગતતાઓ ધ્યાને ન લેવાય.

૨૫.૨. ઉપરોકત હકીકતે કરેલ ચર્ચા અને પુરાવો ધ્યાને લેવામાં આવે અને સાહેદોએ જે પુરાવો આપેલ છે અને આરોપી તરફે સાહેદોની જે ઉલટતપાસ થયેલ છે તેને ધ્યાને લેવામાં આવે તો તેમાં આરોપીને સ્પષ્ટ પણે મદદરૂપ થાય તેવી હકીકતો રેકર્ડમાં આવતી નથી અને આ કામની ફરીયાદ જે પેરા નં.૧ માં દર્શાવેલ છે તે ફરીયાદ તા.૨૫/૦૩/૨૦૨૧ના રોજ આંક–૧૨ થી દાખલ થયેલ છે અને એફ.આઇ.આર. જોતાં જે કોર્ટના રેકર્ડમાં પડેલ છે તે જોતાં તા.૨૫/૦૩/૨૦૨૧ના ૧૩.૦૦ વાગે ગુનાની માહિતી મળેલ છે અને બનાવ તા.૨૨/૦૩/૨૦૨૧ ૧૧:૧૮નો એફ.આઇ.આર.ના કોલમ નં.૩માં દર્શાવેલ છે અને ફરીયાદીએ પોતાની ભોગબનનાર દિકરીની

બદનામી તેમજ માનસ ઉપર અસર પડે તેમ હોય ફરીયાદ કરવાનું વિચારેલ ન હતું અને ત્યારબાદ ઘરના સભ્યો સાથે ચર્ચા વિચારણા કરી ફરીયાદ આપેલ છે અને બીજા કોઇની દિકરી સાથે આવો બનાવ ન બને તે બાબતે ફરીયાદ આપેલ છે તે બાબતે જણાવેલ છે અને સાહેદ નં.૨ ભોગબનનારના માતૃશ્રીની જુબાની જોતાં બનાવની ફરીયાદ પોતાની સાથે આવેલા માણસોએ ભેગા થઇને લખાવેલી તેવું જણાવે છે અને બનાવની ફરીયાદ બે દિવસ પછી આપેલી તેવું પણ જણાવે છે અને ફરીયાદ કરવા માટે પોતાની સાથે પોતાનો જેઠ, પોતાનો ભાઇ અને જેઠાણી પણ આવેલા તેવું પણ જણાવે છે અને ફરીયાદીનો પુરાવો જોતાં બનાવ તા.૨૨/૦૩/૨૦૨૧ના રોજ બન્યાનું પુરાવામાં જણાવે છે અને ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે સાહેદોના પુરાવા જોવામાં આવે અને આંક– ૪૮, ૫૧, ૫૩, ૫૫ના ફોટોગ્રાફ ધ્યાને લેવામાં આવે તો તા.૨૨/૦૩/૨૦૨૧ની તારીખ પણ દર્શાવેલ છે અને આંક–૪૮ નો ફોટોગ્રાફ જોતાં તેમાં તા.૨૨/૦૩/૨૦૨૧, સોમવાર, સમય ૧૧:૧૭:૧૮ દર્શાવેલ છે તેમજ આંક–૫૧ના ફોટોગ્રાફમાં પણ તે રીતે સોમવાર દર્શાવેલ છે તેમજ આંક–૫૩ના ફોટોગ્રાફમાં ૧૧:૨૪:૧૭ દર્શાવેલ છે, આ ફોટોગ્રાફસ અને પુરાવાને ધ્યાને લેવામાં આવે અને ભોગબનનારનો પુરાવો વિશ્વસનીય જણાય છે અને અન્ય સાહેદોને સમર્થનકારક પુરાવો છે તેને સાથે ધ્યાને લેતા બનાવ તા.૨૨/૦૩/૨૦૨૧ અને બનાવવાળો સમય સવારે અગિયાર થી પોણાબાર વચ્ચેનો હોવાનો પ્રોસીકયુશન નિ:શંક પણે પુરવાર કરી શકે છે અને જે પ્રકારનો બનાવ છે તે બનાવની ભોગબનનારના માતા પિતા ઉપર માનસીક અસર થાય તેને પણ સાથે ધ્યાને લેવામાં આવે અને બનાવની સામાજીક અસર જે અસર થાય અને બનાવ ગ્રામ્ય વિસ્તારમાં બનેલ છે તે સાથે ધ્યાને લેતા અને નામ.સુપ્રીમ કોર્ટના ક્રિમીનલ અપીલ નં.૪૪/૨૦૦૨, તા.૧૧/૧૧/૨૦૦૮ સ્ટેટ ઓફ એચ.પી. વિરૂધ્ધ પ્રેમસીંગના ચુકાદામાં નામ.સુપ્રીમ કોર્ટે પેરા નં.૬માં જણાવેલ છે કે,

6. So far as the delay in lodging the FIR question is concerned, the delay in a case of sexual assault, cannot be equated with the case involving other offences. There are several factors which weigh in the mind of the prosecutrix and her family members before coming to the police station to lodge a complaint. In a tradition bound society prevalent in India, more particularly, rural areas, it would be quite unsafe to throw out the prosecution case merely on the ground that there is some delay in lodging the FIR.

તેમજ નામ.સુપ્રીમ કોર્ટના 2009 (0)AIJEL-SC 43314 સત્યપાલ વિ. સ્ટેટ ઓફ હરીયાણાનો ચુકાદો જોતાં, તેમાં જણાવેલ છે કે, 20. This Court can take judicial notice of the fact that ordinarily the family of the victim would not intend to get a stigma attached to the victim. Delay in lodging the First Information Report in a case of this nature is a normal phenomenon.

ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે અને હાલના બનાવને કારણે ભોગબનનારના કુટુંબીજનો ઉપર જે માનસીક અસર થયેલ હોય અને સામાજીક રીતે જે અસર થાય અને બનાવ ગ્રામ્ય વિસ્તારમાં બનેલ છે તે ધ્યાને લેતા જે ફરીયાદ વિલંબથી તા.૨૫/૦૩/૨૦૨૧ ના રોજ નોંધાયેલ છે તેના કારણે પ્રોસીકયુશનના કેસને કોઇ વિરૂધ્ધની અસર થતી હોવાનું જણાતું નથી.

૨૬. ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેવામાં આવે તો, પ્રોસીકયુશન ભોગબનનારની જન્મ તા.૦૮/૦૫/૨૦૧૪ હોવાનું અને બનાવ તા.૨૨/૦૩/૨૦૨૧ હોવાનું પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તે ધ્યાને લેતા અને કરેલ ચર્ચા અને પુરાવો જોતાં બનાવ તા.૨૨/૦૩/૨૦૨૧ એ ભોગબનનારની ઉંમર ૦૬ વર્ષ ૧૦ માસ અને ૧૪ દિવસની હોવાનું પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે.

૨૬.૧. ઉપરોકત કરેલ ચર્ચા, પુરાવો,આંક–૬૭ની પેનડ્રાઇવ, આંક–૭૦ની ડી.વી.ડી.,આંક–૬૪નો એફ.એસ.એલ.રીપોર્ટ તથા આંક–૪૫ થી ૫૫ના ફોટોગ્રાફસને ધ્યાને લેવામાં આવે અને આરોપી તરફે ઉપરોકત કરેલ ચર્ચાની રીતે સાહેદોના પુરાવામાં આરોપીને ઓળખની તકરાર નથી તેવું પણ જણાવેલ છે અને ભોગબનનાર ફોટોગ્રાફમાં આરોપીને ઓળખી બતાવેલ છે અને ફોટોગ્રાફમાં એફ.એસ.એલ. અધિકારીનો સહી, સીકકો છે તે તથા પુરાવો ધ્યાને લેતા આંક–૪૫ થી ૫૫ સુધીના ફોટોગ્રાફ બનાવને સંબંધીત છે અને તે પુરાવામાં ગ્રાહય છે અને પ્રોસીકયુશનને મદદરૂપ પણ થાય છે અને સાહેદોનો પુરાવો જોતાં પ્રોસીકયુશન આ બનાવમાં આરોપીની ઓળખ અને બનાવ સમયે, બનાવવાળા સ્થળે હાજરી પણ પ્રસ્થાપિત કરી શકે છે.

૨૭. ઉપરોકત કરેલ ચર્ચા અને પુરાવો જોવામાં આવે અને આ કામે આરોપી સામે આક્ષેપીત બનાવ જોતાં આરોપી સામે ઇ.પી.કો. કલમ– 354 A (1) (i) ના ભંગ બદલ 354 A (2), 506(2), 363 અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–11(4) ના ભંગ બદલ કલમ–12 મુજબના ગુનાનો આક્ષેપ જણાય છે, આ હકીકત ધ્યાને લેવામાં આવે અને ઇ.પી.કો. કલમ-૩૬૩ ના આવશ્યક તત્વોને ધ્યાને લેવામાં આવે અને આ કામે ઉપરોકત સાહેદોનો અને ભોગબનનાર સાહેદ નં.૬ના પુરાવાને સાથે ધ્યાને લેવામાં આવે તો ભોગબનનાર જે પ્રિન્ટ કઢાવવા ગઈ અને દુકાન બંધ હતી ત્યારે પાળી ઉપર બેસેલ અને ત્યાંથી આરોપી ભોગબનનારને જબરજસ્તીથી મંદિરે લઇ ગયેલ અને મંદિર સામે દાદર હતો ત્યારે ભોગબનનારને આરોપી લઈ ગયેલ અને ત્યાં આરોપીએ ભોગબનનારને બાથ ભરેલ અને ચહેરા ઉપર પપ્પી કરવા જતા હતા ત્યારે ભોગબનનારે જોરથી ચીસ પાડેલ અને ભોગબનનારને કહેલ કે કોઇને કહયું તો જાનથી મારી નાંખીશ આ જે ભોગબનનારના પુરાવાને ધ્યાને લેવામાં આવે તો ભોગબનનાર દુકાન પાસે પાળી ઉપર બેસેલ

ત્યાંથી આરોપી તેને મંદિર લઈ ગયેલ અને મંદિરની સામે દાદર હતો ત્યાં લઈ ગયેલ અને તે રીતે આરોપીએ ભોગબનનારના માતા પિતાની સંમતી વગર ભોગબનનારના માતા પિતાના વાલીપણામાંથી ભોગબનનાર સગીર હોવાનું જાણવા છતાં આરોપીએ ભોગબનનારનું અપહરણ કર્યાનું પડેલ પુરાવો જોતાં જણાય છે અને તે રીતે પ્રોસીકયુશન આરોપીએ ભોગબનનારનું અપહરણ કર્યાનું નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે.

૨૮. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનારે તેની સાથે આરોપીએ જે ગુનાહીત કૃત્ય કરેલ તે બાબતે પુરાવો આપે છે અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૨ પણ ઉપરોકત કરેલ ચર્ચાની રીતે ભોગબનનારના પુરાવાનું સમર્થન કરે છે અને તેનો પુરાવો ગ્રાહય જણાય છે અને એફ.એસ.એલ.અધિકારી સાહેદ નં.૯એ જે સી.સી.ટી.વી. ફુટેજનું પૃથ્થકરણ બાબતે પુરાવો આપેલ છે અને આંક-૬૪ નો એફ.એસ.એલ. પરીક્ષણનો અહેવાલ પેનડ્રાઈવ અને ડી.વી.ડી.આર રજુ કરેલ છે અને સાથે આંક-૬૫ના એનેક્ષર સાથે આંક-૪૫ થી ૫૫ ના ફોટોગ્રાફ્સ રજુ કરેલા છે અને તે બાબતે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેના સાહેદો પુરાવો આપે છે અને બનાવ તા.૨૨/૦૩/૨૦૨૧ના સવારે અગિયારથી પોણાબાર સુધીમાં બનેલ હોવાનું પણ પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ છે અને બનાવ જોતાં આરોપીએ ભોગબનનારના કાયદેસરના વાલીની સંમતી વગર, વાલીપણામાંથી સગીર ભોગબનનારનું અપહરણ કરેલ હોવાનું પણ પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ છે અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ-૩૦ માં જે અનુમાનની જોગવાઈ છે તેને સાથે ધ્યાને લેવામાં આવે અને પ્રોસીકયુશન આ કામે ફન્ડામેન્ટલ ફેકટસ નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે તે સાથે ધ્યાને લેતા કલમ-૩૦માં જે અનુમાનની જોગવાઈ છે તેનાથી વિરૂધ્ધનું અનુમાન કરવાનો બોજો આરોપી ઉપર છે અને જે બોજો આરોપી ઉપર છે તે બોજો

ડીસ્ચાર્જ કરવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે તે હકીકત અને પડેલ પુરાવો જોતાં આરોપીએ ગુનાહીત બળ વાપરી સગીર ભોગબનનારનું અપહરણ કરીને ભોગબનનારને બનાવવાળી જગ્યાએ પાળી પાસેથી મંદિર લઈ ગયેલ અને મંદિરની સામે દાદર ઉપર આરોપીએ ભોગબનનાર સગીર હોવા છતાં અને સંમતી આપવા સક્ષમ નથી તેવું જાણવા છતાં અને ખુબ જ નાની ઉંમરની છે તેવું પણ જાણવા છતાં આરોપીએ જાતીય ઈરાદાથી ભોગબનનારનો સ્પર્શ કરી, પ્રત્યક્ષ સંપર્ક કરી ભોગબનનારને બાથ ભરી લીધેલ અને તે રીતે ભોગબનનારને ચહેરા ઉપર પપ્પી કરવાની કોશીશ કરેલ અને ભોગબનનારે જોરથી ચીસ પાડેલ અને આરોપીએ તે રીતે ભોગબનનાર સાથે જાતીય સતામણી કરેલ તે પણ પડેલ પુરાવો જોતાં રેકર્ડમાં જણાય છે અને તે રીતે પ્રોસીકયુશન નિ:શંક પણે પુરવાર કરી શકે છે.

૨૯. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનાર જણાવે છે કે આરોપીએ કહેલ કે કોઈને કહયું તો જાનથી મારી નાંખીશ આ રીતે આરોપીએ જાનથી મારી નાંખવાની ભોગબનનારને ગુનાહીત ધમકી આપેલ અને ભોગબનનાર ગભરાઈને રડતી રડતી તેમની ઘરે ગયેલી અને માતૃશ્રી સાહેદ નં.૨ ને બનાવની વાત કરેલી અને સાહેદ નં.૨ કે જે ભોગબનનારના માતૃશ્રી અને ફરીયાદી પણ છે તે તેના પુરાવામાં ભોગબનનારને સમર્થન કરતો પુરાવો આપે છે અને ભોગબનનારને આરોપીએ જો ભોગબનનાર કોઈને કહેશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપેલી તેવું પણ જણાવે છે અને ઉપરોકત કરેલ ચર્ચા અને પુરાવો જોતાં સી.સી.ટી.વી. ફુટેજમાં આરોપી અને ભોગબનનાર બનાવવાળા સમય અને બનાવસ્થળે સાથે હતા તે પણ પડેલ પુરાવો જોતાં જણાય છે અને આરોપીએ ભોગબનનાર સાથે કરેલ ગુનાહીત કૃત્યના કારણે અને ભોગબનનારને આરોપીએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવો જે પુરાવો રેકર્ડમાં આવેલ છે તે જોતાં અને ભોગબનનાર ગભરાઈ ગયેલ હોય અને રડતા રડતાં તેમાના માતૃશ્રીને બનાવની હકીકત જણાવેલ હોય તે પુરાવાને ધ્યાને લેવામાં આવે અને

ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે સાહેદોના પુરાવા પ્રોસીકયુશનના કેસને સમર્થન કરતાં પુરાવા હોય અને ઇ.પી.કો. કલમ-૫૦૬માં ગુનાહીત ધમકીના આવશ્યક તત્વોને સાથે ધ્યાને લેવામાં આવે તો આરોપીએ ભોગબનનારને જો ભોગબનનાર બનાવની હકીકત કોઇને કહેશે તો આરોપી તેને જાનથી મારી નાંખશે તેવી ગુનાહીત ધમકી આપ્યાનું પડેલ પુરાવો જોતાં પુરાવામાં જણાય છે જેથી આરોપીએ ભોગબનનારને જાનથી મારી નાંખવાની ગુનાહીત ધમકી આપેલ હોવાનું પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે.

ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા પ્રોસીકયુશન આરોપી સામે આક્ષેપીત ઇ.પી.કો. કલમ–354 A (1) (i) ના ભંગ બદલ 354 A (2) 506(2), 363 અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–11(4) ના ભંગ બદલ કલમ–12 મુજબનો ગુનો નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે જેથી આરોપીને ઇ.પી.કો. કલમ–354 A (1) (i) ના ભંગ બદલ 354 A (2) 506(2), 363 અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–11(4) ના ભંગ બદલ કલમ–12 મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને તકસીરવાન ઠરાવેલ હોય જેથી આરોપીના જામીન, જામીન ખત, જાતમુચરકા જપ્ત કરી જયુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે મુદા નં.૧ અને ૨નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે અને અને આરોપીને સજા અંગે સાંભળવા માટે રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૧ માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તા.૦૧/૦૭/૨૦૨૬

ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)

ત્રીજા એડી. સેસન્સ અને
સ્પે. પોકસો જજ, ભરૂચ.
**(U.I.CODE-GJ00659)**

**<u>આંક-૧૩૦ના ઠરાવ નીચે વધુ હુકમ</u>**

૩૦. વિ.એ.પી.પી.સુ.શ્રી. તથા આરોપીના વિ.વકીલશ્રી હાજર અને આરોપી ગેરાહજર છે.

ઉપરોકત રીતે આરોપીને ઇ.પી.કો. કલમ–354 A (1) (i) ના ભંગ બદલ 354 A (2), 506(2), 363 અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–11(4) ના ભંગ બદલ કલમ–12 ના ગુનામાં તકસીરવાન ઠરાવેલ છે અને આરોપીના જામીન, જામીન ખત, જાતમુચરકા જપ્ત કરી જયુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવેલ અને સજા અંગે સાંભળવા રાખવાનો હુકમ કરવામાં આવેલ પરંતુ આરોપી કોર્ટમાં વારંવાર પોકાર કરાવતા હાજર નથી અને આરોપીના વિ.વકીલશ્રી જે.વી. પટેલએ આંક–૧૨૯ થી પુરસીસ આપેલ અને જણાવેલ છે કે, આરોપી પોતાના સંપર્કમાં નથી અને ચોરીના ગુનાના કામે જીલ્લા જેલ,ભરૂચમાં કેદ હતા અને તે ગુનાના કામે તા.૧૫/૦૬/૨૦૨૬ના રોજ જેલ મુકત થઇ ગયેલ છે, સદર ચોરીના ગુનાના કામે જેલ મુકત થતા પહેલા પોતે જીલ્લા જેલ ભરૂચ ખાતે આરોપીને તા.૧૨/૦૬/૨૦૨૬ના રોજ સ્પે.પોકસો કેસનં.૫૦/૨૦૨૧ના કામે ઠરાવ તારીખ ૨૯/૦૬/૨૦૨૬ના રોજ હાજર થવાનું જણાવેલ છે પરંતુ સદર ઠરાવ તારીખે આરોપી નામદાર કોર્ટમાં હાજર રહેલ નહીં અને પોતે આરોપીનો સંપર્ક કરવાની કોશીશ કરેલ પરંતુ તેમનો સંપર્ક થઇ શકેલ નથી અને એવા કારણસર આરોપી કયાં છે અને તેનો સંપર્ક થઇ શકતો ન હોય એવા સંજોગોમાં તેમની હાજરીમાંથી મુકિત અરજી આપી શકાય તેમ નથી જે નામદાર કોર્ટને સદર પુરસીસથી જાહેર કરીએ છીએ આ રીતે આરોપીના વિ.વકીલશ્રીએ જણાવેલ અને વિ.એ.પી.પી.સુ.શ્રી. આરોપી સામે પકડ વોરંટ કાઢવા વિનંતી કરે છે, આ રજુઆત ધ્યાને લીધી અને આ કામ ૨૦૨૧ નું છે, આરોપી મુદતોએ હાજર ન રહે તે યોગ્ય નથી અને ઠરાવના સ્ટેજે પણ હાજર ન રહે તે પણ યોગ્ય નથી અને તા.૨૯/૦૬/૨૦૨૬ના રોજ પણ ઠરાવના સ્ટેજે આરોપી હાજર ન હતા અને આરોપીના વિ.વકીલશ્રીએ આરોપીની હાજરીમાંથી મુકિતની અને

મુદત અરજી રજુ કરેલ અને તેમાં વિગતવાર હુકમ કરીને આજની તારીખ આપવામાં આવેલ અને હુકમમાં પણ આરોપીની હાજરીમાંથી છેલ્લી મુકિત અને છેલ્લી મુદત આપવામાં આવેલ અને આરોપીને આજરોજ હાજર રહેવાનો અને આરોપીના વિ.વકીલશ્રીને આરોપીને હાજર રાખવાનો હુકમ કરેલ પરંતુ આજે પણ આરોપી હાજર નથી અને આ કામનું રેકર્ડ જોતાં આરોપી કોઇ વ્યાજબી કારણ વગર હાજર નથી તેવું રેકર્ડ જોતાં અને આરોપીના વિ.વકીલશ્રીની રજુઆત જોતાં જણાય છે અને આરોપીના વિ.વકીલશ્રી આરોપીની ગેરહાજરીનું પણ કોઇ વ્યાજબી કારણ રજુ કરી શકતા નથી રેકર્ડ જોતાં આરોપીની કસુરના કારણે પણ તે રીતે કામ લંબાય છે તે પણ જણાય છે અને આરોપીના વિધ્વાન વકીલશ્રીએ ઉપરોકત પુરસીસ આપેલ છે અને આરોપીને ઉપરોકત રીતે ગુનામાં તકસીરવાન ઠરાવેલ હોય જેથી આરોપીને સજા અંગે સાંભળવા માટે છે અને આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ થયેલ છે પરંતુ આરોપી હાજર ન હોય જેથી આરોપી સામે પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવેછે અને આરોપીનું પકડ વોરંટ પોલીસ ઈન્સ્પેકટર શ્રી, નબીપુર પોલીસ સ્ટેશનને બજવણી માટે મોકલવાનો હુકમ કરવામાં આવે છે અને પોલીસ ઈન્સ્પેકટરશ્રી, નબીપુર પોલીસ સ્ટેશન એ આરોપીનું પકડ વોરંટ અચુક બજે તે જોવું

આ કામની મુદત તા.૦૨/૦૭/૨૦૨૬ ની કલાક ૧૦.૪૫ની મુકરર કરવામાં આવે છે અને આ કામ આરોપી અજયભાઇ ઉર્ફે વિક્રમ રાજુભાઇ વાઘરીનું પકડ વોરંટ બજવા અને આરોપીને ઉપરોકત જે તકસીરવાન ઠરાવેલ છે તે બાબતે સજા અંગે સાંભળવા રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૧ માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તા.૦૧/૦૭/૨૦૨૬

ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)

ત્રીજા એડી. સેસન્સ અને
સ્પે. પોકસો જજ, ભરૂચ.
**(U.I.CODE-GJ00659)**